ગાંધીનગર સમાચાર
તા. 23/04/2026
Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે સરકારશ્રી દ્વારા હાલમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૨

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે સરકારશ્રી દ્વારા હાલમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત રૂપિયા ૬ લાખની આર્થિક સહાય મળેલ છે. આચાર્ય ડૉ. ડી.પી. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ **SSIP** કોઓર્ડિનેટર ડો. રાજકુમારી પારવાની દ્વારા પીઆઈસી મીટીંગનું આયોજન તા. ૨૨ **April** ૨૦૨૬ ના રોજ કરેલ જેમાં ૫ સ્ટાર્ટઅપ અંતર્ગત ૩.૮૪ લાખની ગ્રાન્ટ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવી છે.



ડો. રાજકુમારી પારવાણીની મેન્ટોરશિપ હેઠળ ત્રણ વિદ્યાર્થીનીઓ છે. રાવલ જયતિ મંતસા મેમન હીનલ પારેખ. પ્રા. પ્રિતેશ ખત્રીની મેન્ટોરશિપ હેઠળ બે વિદ્યાર્થીનીઓ આયશાબાનું સૈયદ નિગોડિયા માધવી તથા તેમની હેઠળ બે સ્ટાર્ટઆપના પ્રોટોટાઈપ ડેવલપ થયેલ છે તેમાં ચૌહાણ દેવાંગ, બારોટ નીલ અને કટારિયા જયમીત દ્વારા ફેસ રેકગ્નિશન એટેન્ડન્સ સિસ્ટમ (ચહેરો ઓળખી હાજરી પૂરતી સિસ્ટમ) આ **AI**-આધારિત સિસ્ટમ બનાવવામાં આવી છે, જે ચહેરો ઓળખીને હાજરી પૂરે છે. આ સિસ્ટમ ખોટી રીતે પુરાતી હાજરી (પ્રોક્સી) અટકાવે છે, સમય બચાવે છે અને હાજરીનો ચોક્કસ ડિજિટલ રેકોર્ડ જાળવે છે. **RFID** આધારિત લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ આ સિસ્ટમ બનાવવામાં આવી છે. આ ટેકનોલોજીની મદદથી પુસ્તકો લેવા (ઈશ્યુ કરવા), પરત કરવા અને તેને ટ્રેક કરવાની પ્રક્રિયા આપોઆપ (ઓટોમેટિક) થશે. તેનાથી માણસોનું કામ ઘટશે, ભૂલો ઓછી થશે અને લાઈબ્રેરીની કામગીરી વધુ ઝડપી અને વ્યવસ્થિત બનશે. આચાર્ય તથા સમગ્ર ટીમે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 11/04/2026
Page No. 02

# "નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩ના અમલીકરણ દ્વારા મહિલા સશક્તિકરણ'' વિષય પર સેમિનાર યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૧

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે તા. ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે "નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩ના અમલીકરણ દ્વારા મહિલા



સશક્તિકરણ'' વિષય પર સેમિનાર તથા ચર્ચા કાર્યક્રમનું આયોજન CWDC સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રિન્સિપાલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં કોલેજના તમામ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓના રાજકીય સશક્તિકરણ અંગે જાગૃતિ ફેલાવવાનો અને વિદ્યાર્થીઓમાં વિચારવિમર્શ પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન Dr. Samir Pandya Sir, Dr. C. C. Ambasna Sir અને Dr. Vaishali Pathak Madam એ ખૂબ જ સરસ રીતે આ વિષય પર ચર્ચા કરી હતી. તેઓએ નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩નું મહત્વ, મહિલાઓની રાજકીય ભાગીદારી અને પડકારો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ડિબેટમાં ભાગ લીધો હતો અને ખૂબ જ સુંદર રીતે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા, જેના કારણે કાર્યક્રમ વધુ રસપ્રદ અને જ્ઞાનવર્ધક બન્યો હતો.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિ વધારવામાં સફળતા મળી હતી. અંતે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો અને તમામ ઉપસ્થિત સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
સરકારી વિજ્ઞાન કોલેજ
તા. 15/03/2026
Page no. 02

**સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે**

# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત પોલીસી ઈમ્પ્લીમેન્ટેશન કમિટી મીટીંગ યોજાઈ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત આચાર્ય ડૉ. ડી.પી. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ SSIP કોઓર્ડિનેટર ડો. રાજકુમારી પારવાની દ્વારા પોલીસી ઈમ્પ્લીમેન્ટેશન કમિટી મીટીંગનું આયોજન તા. ૬ માર્ચ ૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ જેમાં એક્સટર્નલ એક્સપર્ટ એચ.એમ. પટેલ ડિરેક્ટર ઈકો ગ્રીન પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ તથા પ્રણવ દેસાઈ સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ એક્સપર્ટ cofounder ઓફ રીકો સોલ્યુશન ઉપસ્થિત રહેલ તથા પોતાનું મંતવ્ય રજૂ કરેલ અને અંતે 5 startupની મંજૂરી આપેલ.



આ સ્કીમ અંતર્ગત સરકારશ્રી દ્વારા રૂપિયા ૧૦.૫ લાખની આર્થિક સહાય મળેલ છે.

SSIP 2.0 કોર્ડીનેટર ડો. રાજકુમારી પારવાણીની મેન્ટોરશિપ હેઠળ ત્રણ વિદ્યાર્થીનીઓ રાવલ જયતિ :-TEXO - Transforming textile waste into Eco-friendly tiles with the x factor of industrial optimization આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ટેક્સટાઈલ કચરાને નવીન રીતે ઉપયોગમાં લઈ તેને Eco-friendly અને આકર્ષક ટાઈલ્સમાં રૂપાંતરિત કરવાનો છે. આ ટાઈલ્સ માત્ર સુંદર દેખાવ જ નહીં, પરંતુ ઉત્તમ અવાજ નિયંત્રણ (acoustic) ક્ષમતા પણ ધરાવે એવો પ્રયાસ છે. આ પહેલ દ્વારા કચરાનું સંચાલન સુધારવાનું, પર્યાવરણનું સંરક્ષણ કરવાનું અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય છે.

આ અગાઉ આચાર્ય ડૉ. ડી.પી પટેલની મેન્ટોરશિપ હેઠળ વિધિ રાજપુત અને ટીમ દ્વારા green house absorpion system પ્રોજેક્ટ ઉપર ઉત્કૃષ્ટ પરિણામ મેળવેલ છે તથા પેટન્ટ ની પ્રોસેસ કરેલ છે. હાલમાં માર્કેટએબલ ડિવાઈસ ની કામગીરી ચાલી રહેલ છે. ભૂતપૂર્વ કોર્ડીનેટર પ્રાધ્યાપક પ્રહલાદ ચૌધરી, વાઈસ ચેરપર્સન ડો.ચેતન અંબાસણા, કો-કોઓર્ડિનેટર ડો.આરેફા બકઝા, ઓએસડી, કેસીજી, પ્રિતેશ ખત્રી, ડો.ચેતન સંઘાણીનું અગાઉની સ્ટાર્ટ અપ માં યોગદાન રહેલ છે.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
તા. 14/03/2026
Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે 'ઉદ્યોગ સાહસિકતા' વિષયક બે કાર્યશાળા સંપન્ન

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તકના નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (**KCG**) ની 'રિસર્ચ, ઈનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ' યોજના અંતર્ગત, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને સ્વ-રોજગારી અને ઉદ્યોગ સાહસિકતા (**Entrepreneurship**) તરફ પ્રેરિત કરવાના ઉમદા હેતુથી બે વિશેષ કાર્યશાળાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક કાર્યક્રમ અંતર્ગત વનસ્પતિશાસ્ત્ર વિષયના પ્રવર્તમાન પ્રવાહોને આવરી લેતા બે મુખ્ય વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રાકૃતિક ખેતી-તકો અને પડકારો (૧૨/૦૩/૨૦૨૬): પ્રથમ દિવસે કૃષિ ક્ષેત્રે પર્યાવરણલક્ષી અભિગમ અને તેમાં રહેલી વ્યાવસાયિક સંભાવનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બાગાયત શાસ્ત્ર-કાર્યક્ષેત્ર અને સંભાવનાઓ (૧૩/૦૩/૨૦૨૬): બીજા દિવસે હોર્ટિકલ્ચરના આધુનિક ટેકનિકલ પાસાઓ અને આ ક્ષેત્રમાં કારકિર્દીના વિશાળ ફલક વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ બંને કાર્યશાળામાં વનસ્પતિશાસ્ત્ર (**BOany**) વિષયના ૭૦ થી વધુ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સહભાગી થઈ માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગ દરેક સહભાગીને ગુજરાત રાજ્યના ગવર્નર આચાર્ય દેવવ્રતજી દ્વારા લિખિત "પ્રાકૃતિક કૃષિ" પુસ્તક આપવામાં આવેલ. આ સમગ્ર આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડી. પી. પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ પાર પડ્યું હતું. કોલેજના સંશોધન વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. વાય.એમ. પટેલ, વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એસ.કે. પટેલ તથા વિભાગના તમામ કર્મનિષ્ઠ સ્ટાફ મિત્રોના સંયુક્ત પ્રયાસોથી આ બંને કાર્યશાળાઓ વિદ્યાર્થીઓ માટે અત્યંત ફળદાયી અને પ્રેરણાદાયી સાબિત થઈ હતી.



Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
તા. 16/03/2025
Page No. 03

# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે વર્કશોપનું આયોજન કરાયુ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તકના નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG)ની 'રિસર્ચ, ઇનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ' હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના માઈક્રોબાયોલોજી વિભાગ તથા IQACનાં સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં રિસર્ચ, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ અંગેની વિસ્તૃત સમજ ઊભી થાય તે હેતુથી "બાયો ઈનોવેશન" તથા "સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમ ફોર ડીપ ટેક સ્ટાર્ટ-અપ" જેવા ખૂબ મહત્વનાં વિષયો આધારિત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન ડૉ. દક્ષા સખીયા (મેનેજર, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM), ગાંધીનગર) દ્વારા વિદ્યાર્થીઓને રિસર્ચ અને ઇનોવેશનની જરૂરિયાત, વિષયો, અને કેરિયર બનાવવાં વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ત્યારબાદ, કાર્યક્રમનાં અન્ય મુખ્ય મહેમાન. જાવેદ શૈખ (પ્રોગ્રામ મેનેજર, SSIP, KCG, અમદાવાદ) એ વિદ્યાર્થીઓને સ્ટાર્ટ અપનું મહત્વ, સ્ટાર્ટ અપ માટેની સરકારી યોજનાઓ, ગ્રાન્ટની ફાળવણી જેવાં વિવિધ મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યું.



આ કાર્યક્રમમાં ૯૦ કરતા વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપનાં અંતે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા અને મુખ્ય મહેમાનો પાસેથી વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. વર્કશોપમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન સરકારી વિજ્ઞાન કોલેજનાં આચાર્ય ડૉ. ડી.પી. પટેલનાં માર્ગદર્શન હેઠળ IQAC કોઓર્ડીનેટર ડૉ. વાય.એમ. પટેલ સર, માઈક્રોબાયોલોજી વિભાગ અધ્યક્ષ ડૉ. સી.સી. અંબાસણા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આરેફા બાકઝા તથા ડૉ. શીતલ પીઠવા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનાં અંતે ડૉ. ધર્મેશ અધ્યારૂ દ્વારા શિક્ષણ વિભાગ, મુખ્ય મહેમાનો, સમગ્ર કોલેજ પરિવાર તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરાયો.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
તા. 15/03/2025
Page no. 02



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર તથા નોલેજ કોન્સોટિયમ ઓફ ગુજરાત (કેસીજી) દ્વારા વર્ષ ૨૦૨૫- ૨૬ થી અમલમાં મૂકવામાં આવેલ રિસર્ચ ઈનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ્સ ટુ ગવર્મેન્ટ કોલેજ યોજનાના ઉદ્દેશ મુજબ સંશોધન સંસ્કૃતિ વિકસાવી અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં સંશોધન ક્ષમતા વધારવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા તથા સમાજલક્ષી એક્સટેન્શન પ્રવૃત્તિઓ સશક્ત બનાવવાના હેતુસર રિસર્ચ સેલ અને વિષય નિષ્ણાત દ્વારા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની સ્ક્રુટીની કરીને, રિસર્ચ પ્રોજેક્ટ માટે અધ્યાપક ડો. વિભા વણસોલા તથા ડો. અમિત પટેલની પસંદગી કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈ ચાવડા નિશાંત, નીગોટીયા માધવી, ઓડ કિશન અને બલદાણીયા ભવ્યેશની રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે પસંદગી કરવામાં આવી. હતી. આ પ્રોજેક્ટ માટે બંને અધ્યાપકોને ૨૦૦૦૦૦ તેમજ રિસર્ચ આસિસ્ટન્ટ માટે ચાર વિદ્યાર્થીઓને ૧૦૦૦૦૦ લેખે રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી તેમજ રિસર્ચ પેપર પ્રકાશીત કરવા માટે ડૉ.અમિત પટેલ અને ડૉ.સુજીત પ્રજાપતિના પેપરની પ્રસંદગી કરી બંને અધ્યાપકને ૧૦૦૦૦ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. તદ્ઉપરાંત પુસ્તક માટે ડો. રોહિત પટેલને બે પુસ્તક પ્રકાશિત કરવા માટે ૪૦૦૦૦ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. કોલેજના આચાર્ય ડો. ડી.પી. પટેલે પસંદગી પામેલ તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા IQAC કમિટીના કોર્ડીનેટર ડો. વાય.એમ. પટેલ તથા રિસર્ચ કમિટીના કન્વીનર ડૉ. રોહિત પટેલ અને રિસર્ચ સેલના તમામ સભ્યોએ પસંદગી પામેલ તમામ અધ્યાપકોને તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડીને બિરદાવ્યા હતા.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Gandhinagar Samachar
Date: 18/03/2026
Page No. 02

# સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આવેલ સરકારી વિજ્ઞાન કોલેજમાં 'મેગા પ્લેસમેન્ટ ફેર'નુ આયોજન કરાયુ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૭

વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ તુરંત યોગ્ય નોકરી મળી શકે તેવા ઉમદા આશય અન્વયે સરકારશ્રી દ્વારા કે.સી.જી. અમદાવાદના માધ્યમથી સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આવેલ સરકારી વિજ્ઞાન કોલેજમાં 'મેગા પ્લેસમેન્ટ ફેર' નુ આજરોજ કરેલ હતુ. આ મેગા પ્લેસમેન્ટ ફેરમાં કૂલ ૨૫ કંપનીઓના પ્રતિનીધીઓ હાજર રહ્યા હતા અને ૩૦૦ થી વધુ કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્લેસમેન્ટ ફેરના ઉદ્ઘાટન સમારોહમાં સરકારી વાણીજ્ય કોલેજના આચાર્ય ડો. એ.એન. સુતરિયા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને સરકારશ્રીની આ પ્લેસમેન્ટ ફેરનો બહોળા પ્રમાણમાં લાભ લેવા માટે વિદ્યાર્થીઓને આહવાન કર્યુ હતુ. સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય અને પ્લેસમેન્ટ ફેરના નોડલ ઓફીસર ડો. ડી.પી. પટેલે પ્લેસમેન્ટ ફેરના સુચારૂ આયોજન માટે ઉભી કરવામાં આવેલ સુવિધાઓથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. પ્લેસમેન્ટ કમિટીના સંયોજક ડો. નિશીથ મોદીએ કાર્યક્રમના આયોજનમાં જરૂરી સહયોગ અને માર્ગદર્શન બદલ સી.ઈ.ઓ.શ્રી કે.સી.જી. અમદાવાદ, આચાર્ય ડો.એ.એન સુતરિયા, આચાર્ય ડો. ડી.પી. પટેલ, આઈ.ક્યુ.એ.સી. સમિતીના સંયોજક ડો. વાય.એમ.પટેલ, સરકારી વિજ્ઞાન કોલેજના અધ્યાપકો, વિવિધ કોલેજના પ્લેસમેન્ટ ઓફીસરો તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Sandesh
(Gandhinagar edition)
Date. 20/03/2026
Page No. 02

## સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરનો વાર્ષિકોત્સવ



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરની સપ્તધારા સમિતિ અને SRC સમિતિના સંયુક્ત આયોજન હેઠળ ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી વંદે માતરમ વિષય ઉપર કરાઈ હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક, કૌશલ્ય, રમતગમત, NSS, NCC તથા યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો હતો. જેમાં ૧૨૦ જેટલા ટ્રોફી, સ્મૃતિચિહ્નો, મેડલ્સ અને પ્રમાણપત્રો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિ, પ્રિન્સિપાલ, વિભાગ વડાઓ અને ફેકલ્ટી સભ્યો દ્વારા વિતરણ કરવામાં આવ્યા હતા.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Gandhinagar Samachar
Date: 20/03/2026 Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર દ્વારા "વંદે માતરમ" થીમ ઉપર ભવ્ય ઉજવણી

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૯
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની સમધારા સમિતિ અને SRC સમિતિના સંયુક્ત આયોજન હેઠળ તા. ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા દરમિયાન ટાઉનહોલ, ગાંધીનગર ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી - "વંદે માતરમ" વિષય આધારિત તથા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક, કૌશલ્ય, રમતગમત, NSS, NCC તથા યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો હતો. આ ઉપરાંત "વંદે માતરમ" થીમ પર આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની ઉત્તમ તક પૂરી પાડવામાં આવી હતી.

પ્રારંભિક પ્રવચનમાં પ્રિન્સિપાલ ડૉ. ડી.પી. પટેલે વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવા અને દેશના વિકાસ માટે યોગદાન આપવા પ્રેરણા આપી હતી. તેમણે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભારતીય સેનાના કેપ્ટન સોનુ જોન (Combat Arms & Maraha Regiment) ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રવચનમાં તેમણે ભારતીય સેનામાં અધિકારી બનવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ સેનામાં કાર્ય કરવાથી જીવનદૃષ્ટિ કેવી રીતે બદલાય છે તે અંગે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. સમધારા સમિતિના સંયોજક ડૉ. સમીર પંડ્યાએ મુખ્ય અતિથિનો આભાર વ્યક્ત કર્યો હતો તથા કાર્યક્રમના સફળ આયોજન માટે IQAC સંયોજક ડૉ. વાય.એમ. પટેલ, SRC સંયોજક ડૉ. ખાચર, સમધારા અને SRC સમિતિના તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે આશરે ૧૨૦ જેટલા ટ્રોફી, સ્મૃતિચિહ્નો, મેડલ્સ અને પ્રમાણપત્રો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિ, પ્રિન્સિપાલ, વિભાગ વડાઓ અને ફેકલ્ટી સભ્યો દ્વારા વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિ અને સાંસ્કૃતિક નૃત્યો તથા વિવિધ પ્રસ્તુતિઓ આપી હતી. કાર્યક્રમના અંતે મહિલા ફેકલ્ટી સભ્યોએ ગરબા રજૂ કર્યો હતો, એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ ગીત રજૂ કર્યું હતું અને SRC સંયોજક પ્રો. નટુભા ખાચર દ્વારા છંદ-ચોપાઈની રજૂઆત કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમંત્રિત મહેમાનો દ્વારા સમગ્ર કાર્યક્રમને ભારે વખાણ મળ્યા હતા. કાર્યક્રમનો સમાપન રાષ્ટ્રગીત "વંદે માતરમ" સાથે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે ટાઉનહોલના કોરિડોરમાં સેનાની તરફથી હથિયારોનું પ્રદર્શન પણ યોજાયું હતું. કાર્યક્રમના અંતે તમામ મહેમાનો, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ ચા-નાસ્તાનો લાભ લીધો અને મીઠી યાદો સાથે વિદાય લીધી હતી.





Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Gandhinagar Samachar
Date : 02/03/2026
Page No. 02

# "Research Mahodology: Research Skill Development" પર વર્કશોપ યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧

ડો. ડી. પી. પટેલ, આચાર્યની અધ્યક્ષતામાં પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર તથા ઉચ્ચ શિક્ષણ કચેરી, KCG ના સયુક્ત ઉપક્રમે "Research Mahodology: Research Skill Development" વિષય પર એક મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને સંશોધકોમાં સંશોધન સંબંધિત કુશળતાઓનો વિકાસ કરાવવાનો હતો.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રખ્યાત સંશોધક Dr. Nainesh Modi, professor, School of sciences, BOany department, Climate change and Bioin-formatics department ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંશોધન પદ્ધતિશાસ્ત્રના વિવિધ પાસાઓ પર વિગતવાર માર્ગદર્શન આપ્યું. તેમના પ્રવચનમાં સંશોધન વિષયની પસંદગી, હાઈપોથિસિસની રચના, ડેટા સંગ્રહ અને વિશ્લેષણ, રેફરન્સ લેખન તથા રિસર્ચપેપર પ્રકાશન જેવી બાબતોનું સરળ અને વ્યવહારુ



સમજણ સાથે પ્રસ્તુતિ કરવામાં આવી.

ડૉ. મોદીએ સંશોધન ક્ષેત્રમાં નવીનતા અને તર્કસંગત વિચારોની મહત્વતા પર ભાર મૂક્યો. તેમણે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર સંશોધન કરવા, પ્લેજિયરિઝમથી દૂર રહેવા અને આધુનિક સાધનોનો ઉપયોગ કરવાની પ્રેરણા આપી. કાર્યક્રમની શરૂઆત પ્રાથનાથી કરવામાં આવી હતી અને મહાનુભાવોના સન્માન સાથે કાર્યક્રમ આગળ વધ્યો. ૪૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પ્રશ્નોત્તરી સત્રમાં પોતાના સંશયોનું નિરાકરણ મેળવ્યું. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રસ અને આત્મવિશ્વાસનો વિકાસ થયો અને ભવિષ્યમાં ગુણવત્તાસભર સંશોધન કાર્ય માટે માર્ગદર્શન પ્રાપ્ત થયું.

Gandhinagar Sandesh
Date : 02/03/2026
Page no. 02

# કોલેજમાં રિસર્ચ મેથેડોલોજી વિષય ઉપર વર્કશોપ



પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર તથા ઉચ્ચ શિક્ષણ કચેરી, KCGના સંયુક્ત ઉપક્રમે રિસર્ચ મેથેડોલોજી : રિસર્ચ સ્કીલ ડેવલપમેન્ટ વિષય પર એક મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને સંશોધકોમાં સંશોધન સંબંધિત કુશળતાઓનો વિકાસ કરાવવાનો હતો. કાર્યક્રમમાં મુખ્ય વક્તાએ સંશોધન પદ્ધતિશાસ્ત્રના વિવિધ પાસાઓ પર વિગતવાર માર્ગદર્શન આપ્યું. તેમના પ્રવચનમાં સંશોધન વિષયની પસંદગી, હાઇપોથિસિસની રચના, ડેટા સંગ્રહ અને વિશ્લેષણ, રેફરન્સ લેખન તથા રિસર્ચ પેપર પ્રકાશન જેવી બાબતોનું સરળ અને વ્યવહારુ સમજણ સાથે પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
સેકટર-૧૫, ગાંધીનગર

ગાંધીનગર સમાચાર
તા. 06/02/2026
Page No: 05

### ભારતીય જ્ઞાન પરંપરા-સાયબર સિક્યોરિટીના સંગમથી

# 'વિકસિત ભારત@૨૦૪૭'નું સપનું સાકાર થશે : ડૉ. પ્રદ્યુમન વાજા

## ગાંધીનગર ખાતે 'ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાઈબર સિક્યુરિટી' વિષય અંગે ત્રિ-દિવસીય સેમિનારનો શિક્ષણ મંત્રીશ્રીએ કરાવ્યો પ્રારંભ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૫

'ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાઈબર સિક્યુરિટી' વિષય અંગે આયોજિત સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, ભારતીય જ્ઞાન પરંપરા અને સાયબર સિક્યોરિટીના સંગમથી 'વિકસિત ભારત@૨૦૪૭'નું સપનું સાકાર થશે. આજે સમગ્ર વિશ્વમાં આધુનિક સંશોધન અને ટેક્નોલોજી ઝડપથી વિકસી રહી છે, ત્યારે ગુજરાત સોમનાથ જેવી ઐતિહાસિક ધરોહરને સાચવવાની સાથે તકનીકી શિક્ષણ ક્ષેત્રે પણ અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યું છે.

'ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાઈબર સિક્યુરિટી' વિષય પર આયોજિત સેમિનારનું આજે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ગાંધીનગર ખાતેથી ઉદ્ઘાટન કર્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે આયોજિત ત્રિ-દિવસીય સેમિનારમાં શિક્ષણ અને સાઈબર સિક્યોરિટી ક્ષેત્રના તજજ્ઞો, વિદ્વાનો અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં ભારતીય પ્રાચીન જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીના સમન્વય જેવા વિવિધ વિષયો અંગે સત્રો યોજાશે.



શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારત આજે વૈશ્વિક શક્તિ બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આપણી પ્રગતિ એ 'શાસ્ત્રથી સોફ્ટવેર' અને 'શૂન્યથી સિક્યોરિટી' સુધીની યાત્રા છે. વર્તમાન સમયમાં જ્યારે સાયબર ફ્રોડ એક મોટો પડકાર છે, ત્યારે ગવર્મેન્ટ સાયન્સ કોલેજ દ્વારા સાયબર સિક્યોરિટીમાં ગણિતના ઉપયોગ અંગે જે સંશોધન કરવામાં આવ્યું છે, તે ખૂબ પ્રશંસનીય છે.



શિક્ષણ મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટે લેવાયેલા પગલાઓની વિગતો આપતા જણાવ્યું કે, દરેક સરકારી કોલેજ માટે સંશોધન કાર્ય ફરજિયાત કરવામાં આવ્યું છે અને તે માટે પૂરતું ભંડોળ પણ ફાળવવામાં આવ્યું છે. સંશોધન ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે Ph.D. કરતા વિદ્યાર્થીઓને રૂ. ૦૨ લાખની સહાય આપવામાં આવે છે.

વડાપ્રધાનશ્રીના વિઝનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, આપણે "વિકાસ ભી, વિરાસત ભી"ના મંત્ર સાથે આગળ વધવાનું છે. આ સેમિનાર ભારતીય વિરાસત અને આધુનિક સુરક્ષાના સમન્વય દ્વારા વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મહત્વનું યોગદાન આપશે.

આ સમારોહમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગવર્મેન્ટ સાયન્સ કોલેજના પ્રિન્સિપલ ડૉ. ડી.પી. પટેલ, ગણિત વિભાગના હેડ ડૉ. બી. એન. વાલાની સહિત વિવિધ વિષયોના તજજ્ઞો તથા રાજ્યની વિવિધ કોલેજ-યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Sandesh newspaper

Gandhinaga Edition

Date: 30/01/2026

Page NO. 02



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
તા. 20/02/2026
Page No: 07

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે

# સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર ૧૫ ખાતે કાનૂની શિબિરનુ આયોજન કરાયુ





**ગાંધીનગર સમાચાર**
ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે ડી.એલ.એસ. એ.ચેરમેન એ.કે.જે મલ્હોત્રા સાહેબ અને મેમ્બર સેક્રેટરી એમ.જે. ગઢવી સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ સેકટર ૧૫ ખાતે એક ખાસ કાનૂની શિબિરનું આયોજન શિસ્તબદ્ધ શ્રોતા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સમક્ષ થયું, જેનો વિષય હતો 'ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન અને ગર્લ્સ ઈન સાયન્સ ૧૧ ફેબ્રુઆરી'

આ અંગે મુખ્ય વકતવ્ય કોર્ટ પ્રતિનિધિ અને સિનિયર પેરા લીગલ વોલન્ટિયર સુધીર દેસાઈ દ્વારા દિન ઉજવણીનો ઈતિહાસ, મહત્વ અને વિજ્ઞાન ક્ષેત્રે ભારતમાં લગભગ ૪૩ ટકા જેટલી મહિલાઓ ઉચ્ચ સ્થાન શોભાવી રહી હોવાની જાણકારી આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે કોલેજ પ્રિન્સિપાલ ડો.ડી.પી. પટેલ ખાસ ઉપસ્થિત રહયા હતા. જયારે અતિથિ વિશેષ તરીકે કો ઓર્ડીનેટર વાય.એમ. પટેલ સી.ડબલ્યુ. ડી.સી.કો. ઓર્ડીનેટર હીનાબેન પ્રજાપતિ અને સહ કો ઓર્ડીનેટર વૈશાલીબેન પાઠક ઉપસ્થિત રહ્યાં હતાં.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Gandhinagar Samachar
Date: 26/02/2026
Page No. 02

# સે.૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે "મળી માતૃભાષા મને ગુજરાતી" પરિસંવાદ યોજાયો

**માતૃભાષા સપ્તાહ અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી હેપ્પી યુથ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા 'માતૃભાષા મહોત્સવ–૨૦૨૬' સંદર્ભે પરિસંવાદ યોજાયો : મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં**

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૧

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને હેપ્પી યુથ ફાઉન્ડેશન, ગાંધીનગર તથા સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ–૨૦૨૬'નું તા. ૨૦મી ફેબ્રુઆરીએ સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે સફળ આયોજન કરવામાં આવ્યું હતું. "મળી માતૃભાષા મને ગુજરાતી – આવો કરીએ માતૃભાષાનું મહિમાગાન"ના સૂત્ર સાથે યોજાયેલા આ પરિસંવાદમાં ભાષાપ્રેમીઓ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પરિસંવાદમાં અતિથિ વિશેષ જાણીતા સામાજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદીપસિંહ વાઘેલા(વિદ્યા લાયબ્રેરીવાળા) તથા સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડી.પી. પટેલ ઉપસ્થિતિ રહ્યાં હતા અને પોતાના વિચારો રજૂ કર્યા હતા. બંને અતિથિઓ દ્વારા માતૃભાષાના મહત્વ અને સંવર્ધન માટે પ્રેરણાત્મક સંબોધન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તરનાં ધારાસભ્ય રીટાબહેન પટેલ કેટલાંક અનિવાર્ય કારણોસર ઉપસ્થિત રહી શક્યા નહોતા પણ તેમણે વિદ્યાર્થીઓ અને ભાષાપ્રેમીઓને માતૃભાષા દિવસની શુભેચ્છાઓ સાથે આયોજકોને કાર્યક્રમની સફળતાની શુભકામના પાઠવી હતી તેમજ તેમણે ગુજરાતી ભાષાના ગૌરવ અને વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે લિમ્કા બુક ઓફ ધ વર્લ્ડ રેકોર્ડ્સ પુરસ્કૃત હિન્દી-ગુજરાતી ફિલ્મો તથા નાટકોના લેખક, અભિનેતા અને દિગ્દર્શક દીપક અંતાણીએ માતૃભાષાના જતન અને પ્રચાર-પ્રસાર માટે યુવાપેઢીને સક્રિય બનવા આહ્વાન કર્યું હતું. ભવન્સ કલ્ચરલ સેન્ટરના પૂર્વ નિયામક, નાટ્ય અને ફિલ્મ લેખક તથા મેનેજમેન્ટ ટ્રેનર જીગર રાણાએ 'વાચિકમ' પ્રસ્તુત કરીને ડિજિટલ યુગમાં ભાષા અને સાહિત્ય વચ્ચેના સબંધો પર વિચારપ્રેરક વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમના સંયોજક સમીર રામીએ ગુજરાતી ભાષાના માધુર્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં માતૃભાષા મહોત્સવ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાનો વિડિઓ સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદનું સુચારૂ સંચાલન ડૉ. જયશ્રીબહેન પંડ્યાએ કર્યું હતું.

સંયોજક તરીકે સમીર રામી દ્વારા સમગ્ર આયોજન સફળતાપૂર્વક સંકલિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જાગૃત વસાહત ફોરમના પ્રમુખ મહેન્દ્રભાઈ ચૌહાણ અને હેપ્પી યુથ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી ભાવના રામી, યુવા સામાજિક કાર્યકર અનિકેત સુમેસરા સહિત ભાષાપ્રેમીઓ, કોલેજના પ્રાધ્યાપક ગણ અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. આ પરિસંવાદના અંતમાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત ભાષાપ્રેમીઓ દ્વારા "મારા હસ્તક્ષર મારી માતૃભાષામાં" અભિયાનના બેનર પર ગુજરાતીમાં હસ્તાક્ષર કરીને ગુજરાતી ભાષાના સંવર્ધન માટે સંકલ્પ લેવાયો હતો. કાર્યક્રમ અંતે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગુજરાત સમાચાર
ગાંધીનગર આવૃત્તિ
તા. 14/02/26. Page No: 03

## રિપબ્લિક ડે પરેડમાં ગાંધીનગર ઝળક્યું



દિલ્હીમાં યોજાયેલી રિપબ્લિક ડે પરેડમાં સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરનાં એનસીસી કેડેટ સાર્જન્ટ કમલજિતસિંહ ચાવડાએ પીએમ રેલીમાં વેસ્ટઝોનની ગાર્ડમાં, તેમજ કેડેટ રિયાન બેલીમે વાઈઈપી કલ્ચર ઈવેન્ટમાં ભાગ લીધો હતો. તો કેડેટ અંજલિબા વાઘેલાએ જયપુરમાં ગુજરાત કન્ટીજન્ટનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

## દાંડી કુટિર અને મહાત્મા મંદિરની મુલાકાત

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
Date: 17/02/2026
Page No. 03

# જયપુર ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના NCC કેડેટ્સની સિદ્ધિઓ

**રીપબ્લિક ડે પરેડ ૨૦૨૬ દિલ્હી તેમજ આર્મી ડે પરેડ ૨૦૨૬માં વિદ્યાર્થીઓએ ગુજરાત ડાયરેક્ટરેટનું પ્રતિનિધિત્વ કર્યું**



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૬

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના **NCC** કેડેટ્સે આ વર્ષે રિપબ્લિક ડે પરેડ ૨૦૨૬માં અલગ અલગ કેટેગરીમાં કોલેજના **NCC Unit**ના કેડેટ્સે ભાગ લઈ ગુજરાત ડાયરેક્ટરેટનું પ્રતિનિધિત્વ કર્યું હતું જેમાં સાર્જન્ટ કમલજિતસિંહ ચાવડાએ **PM Rally**માં **Westzone**ની ગાર્ડમાં, તેમજ કેડેટ રિયાન બેલીમ એ **YEP** કલ્ચર ઈવેન્ટમાં ભાગ લીધો હતો. દિલ્હી ખાતે સમગ્ર કેમ્પ દરમિયાન તેઓ ઘણા વિશેષ વ્યક્તિઓને મળ્યા હતા જેમાં ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રક્ષામંત્રી, ભારતના **CDS** તેમજ ત્રણેય પાંખના ચીફ અધિકારીઓ સાથે વિશેષ મુલાકાતનો લાભ પણ મળેલ. આ ઉપરાંત આ વર્ષે ભારતીય આર્મી દિવસ ૨૦૨૬ની પરેડમાં પણ કોલેજની **NCC** કેડેટ **LCPL** અંજલિબા વાઘેલાએ જયપુર ખાતે ભાગ લઈ ગુજરાત કન્ટીજન્ટનું પ્રતિનિધિત્વ કરેલ. દિલ્હીથી ગુજરાત પરત ફરતા તેઓનું ગુજરાતના રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રીના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ રીતે આ **NCC** કેડેટ્સે રાષ્ટ્રીય કક્ષાની પરેડમાં ભાગ લઈ નેતૃત્વના ગુણો સાથે ૨ **Guj Indep Coy NCC** તેમજ સરકારી વિજ્ઞાન કોલેજને વિશેષ ગૌરવ અપાવ્યું છે તે બદલ તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

સંદેશ (ગાંધીનગર આવૃત્તિ)
તા. 14/02/2026 Page NO: 02

## સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ



આચાર્ય ડૉ. ડી. પી. પટેલની અધ્યક્ષતામાં સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે CWDC દ્વારા મહિલા સશક્તિકરણ અને સ્ત્રી અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી બંધારણીય આધાર છતા સ્ત્રી નિરાધાર નામક પુસ્તકનાં વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીઓના બંધારણીય અધિકારો, કાનૂની સુરક્ષા અને સમાજમાં મહિલાઓ સામે રહેલી સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત મહેમાનોમાં જાગૃતિ લાવવાનો હતો.

ગુજરાત સમાચાર
Page NO: 03
તા. 14/02/2026

## પુસ્તક વિતરણનો કાર્યક્રમ યોજાયો



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં મહિલા સશક્તિકરણ અને સ્ત્રી અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી બંધારણીય આધાર છતા સ્ત્રી નિરાધાર નામક પુસ્તકનાં વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં વિશેષ કાર્યક્રમ



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા ઈન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ નિમિત્તે એમ્પાવરિંગ સાયન્સ બાય વુમન એન્ડ ગર્લ્સ નામથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સમાચાર
(ગાંધીનગર આવૃત્તિ)
તા. 14/02/26 Page No- 03

## ખાસ કાનુની શિબિરનું આયોજન કરાયું



ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન અને ગર્લ્સ ઈન સાયન્સ નિમિતે કાનુની શિબિરનું આયોજન કરાયું તેમાં સિનિયર પેરાલીગલ વોલન્ટિયર સુધીર દેસાઈએ દિન ઉજવણીનો ઈતિહાસ, મહત્વ અને વિજ્ઞાન ક્ષેત્રે મહિલાઓની ભાગીદારીને ઉજાગર કર્યા હતાં.

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Gandhinagar Samachar
Date: 13/02/2026 Page No. 02

# ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે "IKS અને સાયબર સિક્યુરિટી" પર આંતરરાષ્ટ્રીય સેમિનાર સંપન્ન

**શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાઝા અને ધારાસભ્ય રીટાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિ : ભારત અને વિદેશના ૧૯૧ સંશોધકો અને વિદ્યાર્થીઓએ લીધો ભાગ : ગુજરાતી સંસ્કૃતિની ઝલક અને સાયબર સુરક્ષાના પાઠ સાથે કાર્યક્રમનું સમાપન**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૧૨

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા **'PromOion of Research for Facilities of KCG'** યોજના હેઠળ "આઈ.કે.એસ. (**Indian Knowledge System**) અને સાયબર સિક્યુરિટી" વિષય પર આયોજિત ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. ડી.પી. પટેલે તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી સેમિનારની રૂપરેખા આપી હતી.

આ કોન્ફરન્સમાં નેપાળથી ડૉ. જીવન કાફલે, આગ્રાથી ડૉ. સંજય ચૌધરી અને જયપુરથી ડૉ. નરેન્દ્ર કુમાર, ડૉ. ઈન્દુ શર્મા તથા સંજીવ કુમાર જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના વિષય નિષ્ણાતોએ હાજરી આપી હતી. આ તજજ્ઞોએ વિદ્યાર્થીઓ અને રિસર્ચ પ્રતિભા દર્શાવી હતી. પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશનમાં નિર્ણાયક તરીકે ડૉ. જીવન કાફલે, ડૉ. અખિલ મિત્તલ, ડૉ. જયશ્રી જોશી, ડૉ. યોગિતા પરમાર અને ડૉ. નિધી રાયકુંડલીયાએ સેવા આપી હતી. સેમિનાર માટે આવેલ પેપર માંથી પિયર રિવ્યુ કરી ઉચિત ૩૧ પેપર કોન્ફરન્સ પ્રોસીડીન્ગ જર્નલ માં પ્રકાશિત કરવામાં આવ્યા.

કાર્યક્રમના બીજા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ગાલા ડિનર દ્વારા મહેમાનોને



સફળતાપૂર્વક સમાપન થયું છે.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાઝા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, આધુનિક સમયમાં પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરા અને સાયબર સુરક્ષાનો સમન્વય ખૂબ જ અનિવાર્ય છે. કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત સ્કૉલરોને સાયબર સુરક્ષાના વિવિધ પાસાઓ અને તેમાં સંશોધનની તકો અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સેમિનારની વિગતો આપંતા ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ભરત વાલાણીએ જણાવ્યું હતું કે, આ સેમિનારમાં કુલ ૧૯૧ સહભાગીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત ૩૮ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પોતાના રિસર્ચ પેપર રજૂ કર્યા હતા, જ્યારે ૩૨ પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા ૬૩ વિદ્યાર્થીઓએ પોતાની ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિનો પરિચય કરાવવામાં આવ્યો હતો. અંતિમ દિવસે ગાંધીનગર સાયબર ક્રાઈમ વિભાગના **PSI** સૂકલ સાહેબે સાયબર ફ્રોડથી બચવા માટેના પ્રેક્ટિકલ પગલાંઓ વિશે વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું.

સમગ્ર આયોજનમાં **IQAC** ચેરમેન વાય.એમ. પટેલ તથા કોલેજના તમામ શૈક્ષણિક સ્ટાફનો નોંધપાત્ર સહયોગ રહ્યો હતો. અંતમાં વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Sandesh Newspaper
(Gandhinagar Edition)
Date: 07/02/2026 Page No. 03

## વર્લ્ડ કેન્સર ડે ઉજવણી અને જનજાગૃતિ કાર્યક્રમ



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે CWDC, NSS - સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર, રોટરી ક્લબ કેપિટલ ગાંધીનગર તથા રોટરી ક્લબ દહેગામ દ્વારા સંયુક્ત રીતે એક વિશેષ કેન્સર જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઈલાબેન વોરા દ્વારા કેન્સર અવેરનેસ અંગે પ્રેરણાદાયી ભાષણ આપવામાં આવ્યું હતું. તેમણે કેન્સર વિશેના ભ્રમો દૂર કરી, સમયસર તપાસ કરાવવાની અગત્યતા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો.

## વિજ્ઞાન કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે વિશ્વ કેન્સર દિવસ અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉપસ્થિત રહેલા નિષ્ણાતોએ વિદ્યાર્થીઓ અને સમાજમાં કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાનો, કેન્સરથી બચાવ, સમયસર નિદાન અને સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

Gujarat Samachar
Page No. 03
07/02/2026

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Sandesh Newspaper
(Gandhinagar Edition)
Date: 07/02/2026 Page NO. 03

## વર્લ્ડ કેન્સર ડે ઉજવણી અને જનજાગૃતિ કાર્યક્રમ



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે CWDC, NSS - સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર, રોટરી ક્લબ કેપિટલ ગાંધીનગર તથા રોટરી ક્લબ દહેગામ દ્વારા સંયુક્ત રીતે એક વિશેષ કેન્સર જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઈલાબેન વોરા દ્વારા કેન્સર અવેરનેસ અંગે પ્રેરણાદાયી ભાષણ આપવામાં આવ્યું હતું. તેમણે કેન્સર વિશેના ભ્રમો દૂર કરી, સમયસર તપાસ કરાવવાની અગત્યતા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો.

## વિજ્ઞાન કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ

Gujarat Samachar
Pag NO. 03
07/02/2026



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે વિશ્વ કેન્સર દિવસ અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉપસ્થિત રહેલા નિષ્ણાતોએ વિદ્યાર્થીઓ અને સમાજમાં કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાનો, કેન્સરથી બચાવ, સમયસર નિદાન અને સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

[signature]
Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

[signature]
Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Gandhinagar Samachar
Date: 07/02/2026
Page No. 03

# વર્લ્ડ કેન્સર ડે ઉજવણી અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૯
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે **CWDC, NSS** - સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર, રોટરી ક્લબ કેપિટલ ગાંધીનગર તથા રોટરી ક્લબ દહેગામ દ્વારા સંયુક્ત રીતે એક વિશેષ કેન્સર જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સમાજમાં કેન્સર વિષે જાગૃતિ ફેલાવવાનો, કેન્સરથી બચાવ, સમયસર નિદાન અને સારવાર અંગે માહિતી આપવાનો તથા આરોગ્ય પ્રત્યે જવાબદારીપૂર્ણ અભિગમ વિકસાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન ઈલાબેન વોરા દ્વારા કેન્સર અવેરનેસ અંગે પ્રેરણાદાયી ભાષણ આપવામાં આવ્યું હતું. તેમણે કેન્સર વિશેના ભ્રમો દૂર કરી, સમયસર તપાસ કરાવવાની અગત્યતા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. સાથે સાથે તેમણે પોતાની વ્યક્તિગત જીવનયાત્રા રજૂ કરી અને કેન્સર સામે લડેલી પોતાની સંઘર્ષભરી અનુભૂતિ શેર કરી, જેના કારણે ઉપસ્થિત સૌને ખૂબ પ્રેરણા મળી. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો તથા રોટરી ક્લબના સભ્યોની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી. ઉપસ્થિત તમામ સભ્યોએ કેન્સર સામેની લડતમાં એકજૂટ થવાની પ્રતિજ્ઞા લીધી.

આ ઉપરાંત કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. ટ્વિંકલ પટેલ દ્વારા **"Say No to Drugs"** વિષય પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે યુવાઓમાં વધતા નશાના દુષ્પરિણામો, ડ્રગ્સથી થતા શારીરિક તથા માનસિક નુકસાન, તેમજ નશા મુક્ત જીવનશૈલી અપનાવવાની આવશ્યકતા અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને નશા સામે મજબૂતીથી "ના" કહેવા અને સ્વસ્થ, ઉજ્જ્વળ ભવિષ્ય માટે જીવનમાં સકારાત્મક લક્ષ્ય રાખવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ડૉ. એસ.કે. પટેલ, અધ્યક્ષ-વનસ્પતિશાસ્ત્ર દ્વારા તેમજ **NSS** નાં કો-ઓર્ડીનેટર ડૉ. નરેશ અજુડિયા દ્વારા થયેલ તથા અંતે **CWDC**, કો-ઓર્ડીનેટર - ડૉ. હિના પ્રજાપતિ સરકારી વિજ્ઞાન કોલેજ તરફથી તમામ મહેમાન વક્તાઓ, સહયોગી સંસ્થાઓ તથા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Gandhinagar Samachar

Date: 28/01/2025 Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય સ્તરની પરિષદનું સફળ આયોજન

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૭

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા "Recent Advances in Chemical Research and Development (RACRD-2026)" વિષય પર રાષ્ટ્રીય સ્તરની પરિષદનું તા. ૨૨ અને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ઉત્તરના યુવા અને ઉત્સાહી ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ ની પાવન ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.





પરિષદના સફળ આયોજનમાં રસાયણશાસ્ત્ર વિભાગના તમામ આયોજક સમિતિના સભ્યો, પ્રાધ્યાપકો, બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થી સ્વયંસેવકોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. તેમની ટીમવર્ક, આયોજન ક્ષમતા અને સમર્પણના પરિણામે પરિષદના તમામ સત્રો સુચારુ રીતે સંપન્ન થયા.

પરિષદમાં ગુજરાત, રાજસ્થાન, બિહાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ જેવા વિવિધ રાજ્યોની યુનિવર્સિટીઓ અને કોલેજોમાંથી આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને સંશોધકોએ ભાગ લીધો હતો અને મૌખિક તથા પોસ્ટર પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.

પરિષદની વિષયવસ્તુ રસાયણશાસ્ત્ર ક્ષેત્રના તાજેતરના વિકાસ અને તેના આરોગ્ય, ઉદ્યોગ, પર્યાવરણ તથા ટકાઉ વિકાસમાં થતા ઉપયોગ પર કેન્દ્રિત રહી હતી.

પરિષદના સમાપન સમારંભમાં આયોજક સમિતિ દ્વારા તમામ મહેમાનો, વકતાઓ, સહભાગીઓ અને સહયોગીઓને આભાર વ્યક્ત કરી RACRD-2026ની સફળતા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી.

આ પરિષદનું આયોજન ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી દિલીપકુમાર રાણાની પ્રેરણાથી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દશરથ કુમાર પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પરિષદના વિભાગાધ્યક્ષ ડૉ. એસ. પી. પ્રજાપતિ તથા સંયોજક ડૉ. એચ. પી. લકુમ દ્વારા સમગ્ર આયોજનનું અસરકારક નેતૃત્વ અને સંચાલન કરવામાં આવ્યું હતું.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર

તા. 11/02/2025

Page No. 03

# Nation One Subscription (ONOS) ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરાયુ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૧

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરની લાઈબ્રેરી, જ્ઞાનધારા અને રિસર્ચ સેલ અંતર્ગત Nation One Subscription (ONOS) ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન આચાર્ય ડો. ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ જેમાં ડો. કૃતિ ત્રિવેદી, સાયન્ટિસ્ટ ડી, INFLIBNET Centre વ્યાખ્યાન આપવા માટે આવેલા હતા તેમને E રિસોર્સ નો એક્સેસ કેવી રીતે કરવું? યુઝર આઈડી પાસવર્ડ કેવી રીતે બનાવવું તેમ જ એમાં કયા કયા પબ્લિશર્સ અને જર્નલ આવેલા છે તેની વિગતવાર માહિતી આપવામાં આવેલ અને રિસોર્સ સર્ચ કેવી રીતે



કરવા તે પણ તેમના દ્વારા શીખવવામાં આવેલ SCOPUS, WEB Of SCIENCE માં રિસર્ચ પ્રોફાઈલ કેવી રીતે બનાવી અને કેવી રીતે તમે તમારા રિસર્ચને આગળ વધારી શકો તે પણ તેમના દ્વારા જણાવવામાં આવેલ.

આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કોલેજના સર્વે સ્ટાફે ભાગ લીધેલ. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. જયશ્રીબેન પંડ્યા, ડો. રાજકુમારીબેન પારવાણી દ્વારા કરવામાં આવેલ.

Library, Govt. Sci. College, G'nagar organized program on ONOS, in which student and faculty access e-journals from different publishers.

[signature]

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

[signature]

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર

Date: 20/12/2025

Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે એક્સપર્ટ સેશન યોજાયું



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૦

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત આચાર્ય ડો. ડી.પી.પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ SSIP કોઓર્ડિનેટર ડો. રાજકુમારી પારવાની અને SSIP ટીમ દ્વારા એક એક્સપર્ટ સેશનનું આયોજન કરવામાં આવેલ.

તજજ્ઞ અમિતકુમાર પટેલ દ્વારા ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ વિષય ઉપર રસપ્રદ તથા માહિતીસભર વ્યાખ્યાન આપવામાં આવેલ. આ સ્કીમ અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી આર્થિક સહાયની જાણકારી આપવામાં આવેલ. વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લઈને પ્રોત્સાહિત થયેલ.

SSIP, Government Science College, Gandhinagar organized Expert session on IPR (Intellectual Property Rights).

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર

Date: 20/12/2025

Page No. 03

# ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે 'થેલેસેમિયા જાગૃતિ અને પરીક્ષણ' કેમ્પ યોજાયો : ૧૩૨ વિદ્યાર્થીઓએ ટેસ્ટ કરાવ્યો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૦

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના એન.એસ.એસ. (NSS) યુનિટ દ્વારા વિદ્યાર્થીઓમાં ગંભીર વારસાગત રોગ થેલેસેમિયા પ્રત્યે જાગૃતિ લાવવા અને પરીક્ષણ કરવાના હેતુથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ કેપિટલ (ગાંધીનગર), રોટરી ક્લબ ઓફ દહેગામ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી (અમદાવાદ) ના સંયુક્ત સહયોગથી આ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



કોલેજના સેમિનાર હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં આચાર્ય ડી.પી. પટેલના અધ્યક્ષતા હેઠળ અને આઈ.ક્યુ.એ.સી. ચેરમેન ડો. વાય.એમ. પટેલના માર્ગદર્શનમાં કુલ ૧૩૨ વિદ્યાર્થીઓનું લોહીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વક્તા રોટેરીયન પાર્થ ઠક્કરે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે "થેલેસેમિયા એ એક અટકાવી શકાય તેવો રોગ છે. જો લગ્ન પહેલાં યુવક-યુવતીઓ પોતાનું નિદાન કરાવે, તો આવનારી પેઢીને આ ગંભીર બીમારીથી બચાવી શકાય છે." રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ ઉરેન પટેલે પણ વિદ્યાર્થીઓને આ રોગના લક્ષણો અને સાવચેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન બોટની વિભાગના અધ્યક્ષ ડો. એસ.કે. પટેલ અને NSS પ્રોગ્રામ ઓફિસર ડો. નરેશ અજુડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સ્વાગત વિધિથી થઈ હતી. NSS ના સ્વયંસેવકોએ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. અંતમાં પ્રોગ્રામ ઓફિસર ડો. નરેશ અજુડીયાએ સહયોગી સંસ્થાઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

Thalesemia Awareness camp organized by NSS Unit, Govt. Sci. College, Gandhinagar.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 25/12/2025
Page No 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે ગુજરાતના ક્રિપ્ટોગેમ્સ' વિષય પર રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૫

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ એક દિવસીય રાજ્યકક્ષાના સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ (KCG) ની 'પ્રમોશન ઓફ રિસર્ચ ફોર ફેકલ્ટીસ' સ્કીમ હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો, જેનો મુખ્ય વિષય "Cryptogams: Hidden Treasure of Gujara" (ક્રિપ્ટોગેમ્સઃ ગુજરાતનો છુપાયેલ ખજાનો) રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યની ૨૨થી વધુ વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી આશરે ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૩૦ ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમિનારના મુખ્ય અતિથિ તરીકે ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી અમિતકુમાર નાયક ઉપસ્થિત રહ્યા હતા. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (MSU) ના જાણીતા પ્રોફેસર કિશોર રાજપુત અને પ્રોફેસર ધર્મેન્દ્ર શાહ દ્વારા વિષયલક્ષી ઊંડાણપૂર્વકનું વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સેમિનાર દરમિયાન ગુજરાતમાં જોવા મળતી વિવિધ પ્રકારની ફૂગ (Fungi), દ્વિઅંગી વનસ્પતિઓ (Bryophytes) અને ત્રિઅંગી વનસ્પતિઓ (Pteridophytes) અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તજજ્ઞોએ આ વનસ્પતિ સમૂહમાં રહેલી જૈવવિવિધતા અને તેના સંશોધનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને આ વિષયમાં ભવિષ્યમાં રહેલી કારકિર્દીની વિવિધ તકો અને સંશોધન ક્ષેત્રે રહેલી સંભાવનાઓ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી સત્રમાં તજજ્ઞો સાથે સીધો સંવાદ કરી પોતાની જિજ્ઞાસા સંતોષી હતી.



આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સેમિનારના કન્વીનર તરીકે ડો. વાય.એમ. પટેલ અને ડો. એસ.કે. પટેલ તેમજ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે ડો. રોહિત પટેલ એ મહત્વની ભૂમિકા ભજવી હતી. વનસ્પતિશાસ્ત્ર વિભાગના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સહયોગથી આ સેમિનાર અત્યંત સફળ રહ્યો હતો.

Botany Department, Govt. Sci College, G'nagar organized state level one day seminar on Cryptogams, on 23/12/2025

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

Divya Bhaskar (Gandhinagar edition)
Date: 26/12/2025
Page No: 02

# ફૂગ, દ્વિઅંગી અને ત્રિઅંગી વનસ્પતિઓમાં જૈવ વિવિધતા અને સંશોધન ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે ઉજળી તક

## સરકારી સાયન્સ કોલેજમાં ક્રિપ્ટો ગેમ્સ: ગુજરાતનો છુપાયેલો ખજાનો વિષય પર સેમિનાર યોજાયો

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર.

સરકારી વિજ્ઞાન કોલેજના વનસ્પતિશાસ્ત્ર વિભાગે એક દિવસીય રાજ્યકક્ષાના સેમિનારનું સફળ આયોજન કર્યું. સેમિનારનો વિષય 'ક્રિપ્ટોગેમ્સ : ગુજરાતનો છુપાયેલ ખજાનો' રખાયો. આ કાર્યક્રમ શિક્ષણ વિભાગની ''પ્રમોશન ઓફ રિસર્ચ ફોર ફેકલ્ટીસ'' સ્કીમ હેઠળ યોજાયો.

સેમિનારમાં રાજ્યની ૨૨થી વધુ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અને 30 ફેકલ્ટી સભ્યોએ ભાગ લીધો. મુખ્ય અતિથિ તરીકે ગીર ફાઉન્ડેશનના નાયબ



નિયામક અમિતકુમાર નાયક ઉપસ્થિત રહ્યા.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના પ્રોફેસર કિશોર રાજપુત અને પ્રોફેસર ધર્મેન્દ્ર શાહે વિષય પર ઊંડાણપૂર્વક વ્યાખ્યાન આપ્યું. ગુજરાતમાં જોવા મળતી ફૂગ, દ્વિઅંગી અને ત્રિઅંગી વનસ્પતિઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ. તજજ્ઞોએ આ વનસ્પતિઓમાં રહેલી જૈવવિવિધતા અને સંશોધનની જરૂરિયાત પર ભાર મૂક્યો. વિદ્યાર્થીઓને સંશોધન અને કારકિર્દી અંગે માર્ગદર્શન મળ્યું. પ્રશ્નોત્તરી સત્રમાં વિદ્યાર્થીઓએ તજજ્ઞો સાથે સીધો સંવાદ કર્યો. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો. ડો. વાય.એમ. પટેલ અને ડો. એસ.કે. પટેલ કન્વીનર રહ્યા. ડો. રોહિત પટેલે ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે ભૂમિકા ભજવી. વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સહયોગથી સેમિનાર સફળ રહ્યો.

Botany Department, Govt. Sci. College, Gandhinagar organized one day state level seminar on 23/12/2025.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

Divya Bhaskar Date: 27/12/2025
Page No. 02



# વિદ્યાર્થીઓને સમજ આપવા સરકારી સાયન્સ કોલેજમાં સેમિનાર યોજાયો

## ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જ સામે લિથોફાઇટ વનસ્પતિ મહત્વની

ભાસ્કરન્યૂઝ | ગાંધીનગર



ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે લિથોફાઈટ વનસ્પતિ મહત્વની છે. આ વનસ્પતિ અંગે જાગૃતિ ફેલાવવા માટે સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-15 ખાતે રાજ્ય કક્ષાનો એક દિવસીય સેમિનાર યોજાયો. "લિથોફાઈટ્સ ઓફ ગુજરાત : સ્ટેટસ એન્ડ ફ્યુચર પર્સપેક્ટિવ" વિષય પર યોજાયેલા સેમિનારમાં મહારાષ્ટ્રથી ત્રણ વિજ્ઞાનીઓ હાજર રહ્યા.

ડૉ. કુમાર ગોસાવીએ લિથોફાઈટ વનસ્પતિના પ્રકાર, આર્થિક ઉપયોગીતા અને પર્યાવરણમાં તેના મહત્વ અંગે માહિતી આપી. તેમણે ડેસિકેશન ટોલેરન્ટ લક્ષણ કેવી રીતે ખાદ્ય સુરક્ષામાં ઉપયોગી બની શકે તે સમજાવ્યું. ડૉ. અરુણ ચંડોરેએ લિથોફાઈટ વનસ્પતિના સંરક્ષણનું મહત્વ સમજાવ્યું. તેમણે લુપ્ત થતી વનસ્પતિઓના સંરક્ષણ માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી. ડૉ. શરદ કામબ્લેએ વનસ્પતિના વર્ગીકરણ અને ઓળખ અંગે સમજણ આપી. તેમણે "સીરોપેજીયા" નામની સુંદર લિથોફાઈટ વનસ્પતિના વિવિધ પ્રકારો રજૂ કર્યા.

આ કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના "પ્રમોશન ઓફ રિસર્ચ ફોર ફેસિલિટીઝ" અંતર્ગત વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજન થયું. મુખ્ય મહેમાન તરીકે ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ રવિરાજસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં રાજ્યની 6 યુનિવર્સિટી અને 13 કોલેજમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આયોજનમાં ડૉ. એસ.કે. પટેલ, ડૉ. વાય.એમ. પટેલ, ચંદ્રેશ ખરાડી અને સમગ્ર વનસ્પતિશાસ્ત્ર વિભાગે યોગદાન આપ્યું.

Botany department, Govt. science college organized one day state level seminar on 24/12/2025.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

- દિવ્ય ભાસ્કર Date: 09/01/2026
Page No. 02

દિવ્ય ભાસ્કર, અમદાવાદ, શુક્રવાર, 9 જાન્યુઆરી, 2026

# પર્યાવરણીય સમતુલા જાળવવામાં દરેક જીવ, દરેક પ્રજાતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે

## ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજમાં અવર એન્વાયર્નમેન્ટ અવર રીસ્પોન્સિબિલિટી વિષય પર સેમિનાર યોજાયો

ભાસ્કરન્યૂઝ | ગાંધીનગર



ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગે એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર આયોજિત કરાયો હતો. વિષય હતો 'આપણું પર્યાવરણ, આપણી જવાબદારી - કાર્ય કરવાનો સમય' સેમિનારમાં રાજ્યની 15થી વધુ કોલેજો અને યુનિ.માંથી અંદાજે 120 વિદ્યાર્થીઓ અને 30 ફેકલ્ટી સભ્યોએ ભાગ લીધો. મુખ્ય અતિથિ તરીકે ડૉ. હિમાંશુ પંડ્યા ઉપસ્થિત રહ્યા. તેઓ NITI આરોગ્યના સીવીડ મૂલ્ય સાંકળ વિકાસ પોલિસીના કો-ચેરમેન છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ પણ છે.

ડૉ. કેતન ટાટુએ "જળપ્લાવિત વિસ્તારો અને ગુજરાત માટે તેમનું સંરક્ષણ @2035 " વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેઓ ફાઉન્ડેશન ફોર ઈકોલોજિકલ વેલ્ફેરના ફાઉન્ડિંગ ડાયરેક્ટર છે. ડૉ. કાઈદ જોહરે "નજીક આવી રહેલા છ પગવાળા સંદેશવાહકો એપોકેલિપ્સ " વિષય પર વાત કરી. તેઓ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર છે. ડૉ. ફાલ્ગુની જોશીએ "શિક્ષણથી નેતૃત્વ સુધીઃ યુવા અને પર્યાવરણીય ટકાઉપણું " વિષય પર માર્ગદર્શન આપ્યું. તેઓ અમદાવાદની એનજીઓ 'પર્યાવરણ મિત્ર'ના કો-ઓર્ડિનેટર છે. વક્તાઓએ જણાવ્યું કે પ્રકૃતિમાં દરેક જીવ મહત્વનો છે. દરેક પ્રજાતિ પર્યાવરણીય સંતુલન જાળવવામાં ભૂમિકા ભજવે છે. જીવસૃષ્ટિનું સંરક્ષણ આપણી સામૂહિક જવાબદારી છે એવો સંદેશ આપવામાં આવ્યો.

સેમિનારનું આયોજન આચાર્ય ડૉ. ડી. પી. પટેલના માર્ગદર્શન હેઠળ થયું. સમાપન કાર્યક્રમમાં યોગેશકુમાર ઉપસ્થિત રહ્યા. તેઓ કર્મયોગી ભવન, ગાંધીનગરમાં સાયન્સટીસ 'C' તરીકે કાર્યરત છે. તેમણે વિષયસબંધિત માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં ડૉ. ચેતના શાહ, ડૉ. દિપ્તી જોશી, ડૉ. ડી. એ. ઓડેદરા અને ડૉ. હીના પ્રજાપતિએ મહત્વની ભૂમિકા ભજવી. રાજર્ષિ ગાંગુર્ડે, પ્રિયા પટેલ અને વિદ્યાર્થીઓના સહયોગથી સેમિનાર સફળ રહ્યો.

ગાંધીનગર સમાચાર Date: 09/01/2026 Page No. 02

Zoology Dept. Government Science College Organized one day state level Seminar on "Our Environment Our Responsibility Time to Act" on 06/01/2026

# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૮

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. સેમિનારનો વિષય



"Our Environment, Our Responsibility-Time to Act" રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શિક્ષણ વિભાગની PromOion of Research for Faculties Scheme હેઠળ યોજાયો હતો.

આ સેમિનારમાં રાજ્યની ૧૫ થી વધુ કોલેજો તથા વિવિધ યુનિવર્સિટીઓમાંથી અંદાજે ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૩૦ ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમિનારના મુખ્ય અતિથિ તરીકે ડૉ. હિમાંશુ પંડ્યા (Co-Chairman, Policy on Seaweed Value Chain Development in India, NITI Aayog, Government of India તથા ભૂતપૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં ફાઉન્ડેશન ફોર ઈકોલોજિકલ વેલ્ફેરના ફાઉન્ડિંગ ડાયરેક્ટર ડૉ. કેતન ટાટુએ "Walands and Their Conservation for Gujara @2035" વિષય પર મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. પ્રાણીશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. કાઈદ જોહરે "Six-Legged Messengers of an Approaching Apocalypse" વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમજ અમદાવાદ સ્થિત એનજીઓ 'પર્યાવરણ મિત્ર'ના કો-ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની જોશીએ "From Learning to Leading : Youth and Environmental Sustainability" વિષય પર માર્ગદર્શન આપ્યું.

તજજ્ઞ વક્તાઓએ પોતાના વ્યાખ્યાનમાં પ્રકૃતિમાં કોઈપણ જીવ નિરર્થક નથી અને દરેક પ્રજાતિ પર્યાવરણીય સંતુલન જાળવવા તથા સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તે બાબત પર ભાર મૂક્યો. આથી પ્રકૃતિ અને જીવસૃષ્ટિનું સંરક્ષણ કરવું આપણી સામૂહિક જવાબદારી છે તે સંદેશ આપવામાં આવ્યો.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

સંદેશ
ગાંધીનગર આવૃત્તિ
Date: 03/12/2025
Page No. 02

## ઈનોવેશન ક્લબ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું



ઇનોવેશન ક્લબ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે ડી. આઈ. વાય. કીટસ પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ વર્કશોપનો હેતુ નોન-ટેકનિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ટેકનિકલ ક્ષેત્ર સાથે જોડવાનો હતો.

ગુજરાત સમાચાર
(ગાંધીનગર આવૃત્તિ)
Date: 03/12/25 Page No. 02

## કોલેજ ખાતે વર્કશોપનું આયોજન



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત ડી.આઈ.વાય કિટ્સ ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નોન ટેકનિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ટેકનિકલ ક્ષેત્રે જોડવા માટે વર્કશોપ યોજાયો હતો.

ગાંધીનગર સમાચાર
Date: 02/12/2025
Page No. 05

## ઈનોવેશન ક્લબ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે ડી.આઈ.વાય. કીટસ પર વર્કશોપ યોજાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧

ઈનોવેશન ક્લબ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે ડી. આઈ.વાય. કીટસ પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વર્કશોપનો હેતુ નોન-ટેકનિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ટેકનિકલ ક્ષેત્ર સાથે જોડવાનો હતો.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગુજરાત સમાચાર
ગાંધીનગર સમાચાર આવૃત્તિ
Page No. 04
Date: 27/11/2025

## પશુજૈવિક સંસ્થામાં પેવર બ્લોક અને ફ્લોરિંગ તથા

# સરકારી વિજ્ઞાન કોલેજમાં લાયબ્રેરીને રિનોવેટ કરીને રંગકામ કરવા નિર્ણય

ગાંધીનગર, બુધવાર

પાટનગરમાં આવેલી સરકારી ઈમારતોના મજબુતીકરણ અને નવીનીકરણ કરવાની યોજનામાં સેક્ટર ૨૮માં સ્થિત પશુજૈવિક સંસ્થા, સેક્ટર ૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજ અને એગ્રીકલ્ચર સોઈલ કો-ઓડીનેટરની કચેરીમાં વિવિધ કામગીરી કરવા સંબંધે કરવામાં આવેલી દરખાસ્તોને સરકાર તરફથી મંજુરી આપી દેવામાં આવી છે. નોંધવું રહેશે, કે ગત વર્ષ સરકારે સરકારી કચેરીઓના રિનોવેશન કરવા માટે આદેશ આપ્યો હતો.

## સરકારી ઈમારતોના મજબૂતીકરણની યોજનામાં એગ્રી. સોઈલ કો-ઓડીનેટરની કચેરી પણ સામેલ

દાયકાઓ પહેલા બાંધવામાં આવેલી સરકારી કચેરીઓની ઈમારતોના આયુસ્ય યોગ્ય જાળવણીના અભાવમાં વહેલા પુરા થઈ જતાં હોય છે. આ ઉપરાંત જર્જરિત હાલતના કારણે અકસ્માત સર્જાવાની પણ દહેશત રહેતી હોય છે. ત્યારે સમયસર જ મજબુતીકરણ અને નવીનીકરણના કામ હાથ ધરવામાં આવે તો ઈમારતનું આયુસ્ય વધવાની સાથે ત્યાં બેસતા અધિકારી, કર્મચારીઓને સમયને અનુરૂપ નવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી શકાય છે. આ સંબંધમાં ગત વર્ષે રાજ્યભરમાં વિવિધ વિભાગ હસ્તકની સરકારી કચેરીઓના જરૂરી રિનોવેશન કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવાયો હતો. તેના અંતર્ગત પાટનગરમાં સેક્ટર ૧૫માં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજમાં લાયબ્રેરી બિલ્ડીંગનું સમારકામ કરીને રંગકામ કરવામાં આવનાર છે. જ્યારે સેક્ટર

(અનુસંધાન બીજા પાને)

## સરકારી વિજ્ઞાન

(છેલ્લા પાનાનું ચાલુ)

૧૫માં જ આવેલી એગ્રીકલ્ચર સોઈલ કો-ઓડીનેટરની કચેરી રીપેરીંગ અને રીનોવેશન કરવાની સાથે વૈકલ્પિક વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવનાર છે. જ્યારે સેક્ટર ૨૮માં આવેલી પશુજૈવિક સંસ્થાની ઈમારતમાં રૂફીંગ સીટ, સ્ટીલ ફેબ્રિકેશનની કામગીરી કરવાની સાથે પેવર બ્લોક નાંખીને રોડનું કામ કરવાને મંજુરી આપવામાં આવી છે. જ્યારે સેક્ટર ૩૦માં વ્હિકલ પુલમાં આંતરિક ખાસ મરામત કરાશે. આ તમામ કામગીરી કરવા પાછળ રૂપિયા ૧ કરોડ ઉપરાંતનો ખર્ચ થવાનો અંદાજ છે.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
Date. 02/12/2025
Page NO. 05

# શ્રીમદ ભગવત ગીતા શ્લોક સ્પર્ધાનું આયોજન

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે આચાર્ય ડો. ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજની લાઈબ્રેરી અને જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં શ્રીમદ ભગવદ ગીતાનુ જ્ઞાન વધે તે માટે ભગવદ ગીતાના શ્લોકની સ્પર્ધા યોજવામાં આવી હતી તથા ભગવદ ગીતાના પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ હતું. સ્પર્ધામાં રસાયણશાસ્ત્ર વિભાગના



કિરીટભાઈ પટેલે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી તેમજ જ્ઞાનધારાના સભ્યો ડો. શીતલબેન પીઠવા પણ હાજર રહ્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન ડો. જયશ્રીબેન પંડ્યા લાઈબ્રેરીયન દ્વારા કરવામાં આવ્યું હતું.

સંદેશ
ગાંધીનગર સમાચાર આવૃત્તિ
Date: 03/12/2025
Page NO. 02

## સરકારી વિજ્ઞાન કોલેજમાં ગીતાના શ્લોકની સ્પર્ધા



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે આચાર્ય ડો. ડી. પી. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજની લાઇબ્રેરી અને જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં શ્રીમદ ભગવદ ગીતાનું જ્ઞાન વધે તે માટે ભગવદ ગીતાના શ્લોકની સ્પર્ધા યોજવામાં આવી હતી. તથા ભગવદ ગીતાના પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ હતું. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન ડો. જયશ્રીબેન પંડ્યા લાઇબ્રેરીયન દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાત સમાચાર
(ગાંધીનગર આવૃત્તિ)
Date. 03/12/2025
Page NO. 02

## કોલેજમાં શ્લોક સ્પર્ધાનું આયોજન



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્લોક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભગવદ ગીતાના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. જેનો વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

[signature]
Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

[signature]
Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 22/11/2025
Page No. 05

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના આચાર્ય ડોક્ટર ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગ દ્વારા તા. ૧૪.૧૧.૨૦૨૫ થી ૨૦.૧૧.૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા. ૧૭.૧૧.૨૦૨૫ ના રોજ લાઈબ્રેરીમાં કાવ્ય પઠન કોમ્પિટિશન યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ પોતાની જાતે લખેલા કાવ્યનું પઠન કરેલું.

તા. ૧૮/૧૧/૨૦૨૫ના રોજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા મહિલા કોમર્સ કોલેજ સાથે થયેલ એમઓયુ અંતર્ગત આંતર કોલેજ બુક રીવ્યુ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન સરકારી વિજ્ઞાન કોલેજ લાયબ્રેરી ખાતે કરવામાં આવેલ જેમાં સ્પર્ધામાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ બુક રીવ્યુ કર્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રકારના પુસ્તકોની સમીક્ષા કરેલી. પુસ્તક સમીક્ષાનું વિષય હતો "મારું પ્રિય પુસ્તક" અને એમાં ડો. રોહિત પટેલ અને ડો. નરેશ દવે નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી તેમાંથી ૩ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. ૧૯/૧૧/૨૦૨૫ના રોજ **Bokb Mark Making** સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ ૧૬ બંને કૉલેજ નાં ૧૬ વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો. તેમાંથી ૩ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. કોમર્સ વિભાગના અધ્યક્ષ પાયલ બેન પંડ્યા અને સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડૉ. જયરામભાઈ પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને ૩ વિજેતા જાહેર કર્યા હતા.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગુજરાત સમાચાર
(ગાંધીનગર આવૃત્તિ)
તા. 22/11/2025
Page No. 03

## રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરાઈ હતી. તેમાં લાઈબ્રેરીમાં યોજાયેલી કાવ્ય પઠન કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વરચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યુ હતું.

સ્વચ્છતા વિષયે માર્ગદર્શન અપાયું

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 15/11/2025
Page No. 03

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરમાં સપ્તધારા અંતર્ગત

# જ્ઞાનધારા અને લાયબ્રેરીના સંયુકત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાજીની જન્મ જયંતીની ઉજવણી કરાઈ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૪ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરમાં સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને લાયબ્રેરીના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે “જન-જાતીય ગૌરવ વર્ષ” મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ વકૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. વકૃત્વ સ્પર્ધામાં ચાર વિદ્યાર્થીઓ ભાગ લીધેલ તેમજ નિબંધ સ્પર્ધામાં છ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.



વકૃત્વ સ્પર્ધામાં જજ તરીકે ડો. ધર્મેશ અધ્યારુ, પ્રોફેસર માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ હાજર રહ્યા હતા. અને તેઓએ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા બદલ બિરદાવ્યા હતા. તેમજ સપ્તધારા સમિતિના ચેરમેન ડો. સમીર પંડ્યા પણ સ્પર્ધામાં હાજર રહ્યા હતા તેમજ જનજાતિય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણીના ભાગરુપે લાઈબ્રેરીમાં ભગવાન બિરસા મુંડાના જીવન આધારીત સાહિત્ય વિદ્યાર્થીઓના વાંચન માટે લાયબ્રેરીમા પ્રદર્શન રુપે મુકવામા આવ્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન અને આયોજન ડો. જયશ્રીબેન પંડ્યા લાઈબ્રેરીયન તેમજ જ્ઞાનધારા કો-ઓર્ડીનેટર દ્વારા કરવામાં આવેલ હતું.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
Date: 27/09/2025
Page NO. 05

# ગાંધીનગરમાં ક્વોન્ટમ સાયન્સ અંગે રાજ્ય-સ્તરીય રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનાર યોજાયો

**ગુજરાતમાં ક્વોન્ટમ યુગની શરુઆત સમા આ સેમિનારમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ પી. ભારતી ઉપસ્થિત રહ્યાં : વલસાડની વિદ્યાર્થીની ખુશી કુશવાહા રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે**

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૫

વર્ષ ૨૦૨૫ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજી વર્ષ (IYQST 2025) તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે સમાજ, ઉદ્યોગો અને નવીનતાના ભવિષ્યને ફરીથી આકાર આપવામાં ક્વોન્ટમ વિજ્ઞાનની પરિવર્તનશીલ શક્તિની ઉજવણી કરે છે. આ ઐતિહાસિક વૈશ્વિક પહેલમાં યુએનનાં શૈક્ષણિક સંસ્થાકીય ભાગીદાર તરીકે, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનાં નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટે) એ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે "ક્વોન્ટમ યુગની શરૂઆતઃ સંભાવનાઓ અને પડકારો" થીમ પર રાજ્ય-સ્તરીય રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારનું સફળતા પુર્વક આયોજન કર્યું.



આ સેમિનાર ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યોજાયેલી જિલ્લા સ્તરીય સ્પર્ધાઓનું અંતિમ ચરણ હતું, જેમાં ધોરણ ૮ થી ૧૦ના કુલ ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રતિભાના આ ઉત્સાહી સમૂહમાંથી, ૬૬ તેજસ્વી વિદ્યાર્થીઓએ તેમના વિચારો, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ દર્શાવવા માટે આજ રોજ યોજાયેલી રાજ્ય સ્તરીય સ્પર્ધામાં ભાગ લીધો હતો. વલસાડના વાપી સ્થિત મરોઠિયા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની ધોરણ દસની વિદ્યાર્થિની ખુશી કુશવાહાને રાજ્ય વિજેતા જાહેર કરવામાં આવી હતી અને તે ૩૦મી ઓક્ટોબર ૨૦૨૫ના રોજ VITM, બેંગ્લોર ખાતે યોજાનાર રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. તેણીને ૧૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ, ટ્રોફી, પ્રમાણપત્ર અને માનવથી વિજ્ઞાન કીટથી સન્માનિત કરવામાં આવી હતી. દ્વીતીય ક્રમાંકે આમર્ષ જૈન, ધોરણ-૯, દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીધામ, કચ્છનો વિદ્યાર્થી રહ્યો હતો, જેને રૂ. ૭,૫૦૦, ટ્રોફી, પ્રમાણપત્ર અને કીટ પ્રાપ્ત થયા હતા. અને ત્રીજા ક્રમાંકે રિદ્ધિ મિસ્ત્રી, ધોરણ-૧૦ની શેઠ આરજેજે હાઈસ્કૂલ, નવસારીની વિધ્યાર્થીનીને રૂ. ૫,૦૦૦, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સમાપન સત્રમાં ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ પી. ભારતી ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિજેતાઓનું સન્માન કર્યું અને બધા સહભાગીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રયાસો બદલ પ્રશંસા કરી. SAC-ISROના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. શિલ્પા પંડ્યા અને વિજ્ઞાન પ્રસારના ભૂતપૂર્વ ડિરેકટર ડૉ. વી.બી. કાંબલેએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી અને વિદ્યાર્થીઓને તેમના સમજદાર વાર્તાલાપથી પ્રેરણા આપી. આ કાર્યક્રમમાં ડૉ. વર્ષા પારેખ, ડૉ. અમૂલ્ય કુમાર સન્યાસી (IPR), ડૉ. વૈશાલી પાઠક, ડૉ. પૂજા શર્મા, ડૉ. કુલજીત કૌર અને ડૉ. અભિષેક ગોર (PDEU) સહિત વૈજ્ઞાનિક જ્યુરીઓની એક પેનલ પણ સામેલ થઈ હતી, જેમણે વિદ્યાર્થીઓની પ્રસ્તુતિઓ (પ્રેસેન્ટેશનો)નું કુશળતા અને પ્રોત્સાહન સાથે મૂલ્યાંકન કર્યું હતું.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College,
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
Date: 22/09/2025
Page no. 03

# સરકારી વિજ્ઞાન કોલેજ સે. ૧૫ ખાતે ઈન્ટરનેશનલ માઈક્રોઓર્ગેનિઝમ ડે ઉજવાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૦

સરકારી વિજ્ઞાન કોલેજ, ક્ટર ૧૫, ગાંધીનગર ખાતે ઈક્રોબાયોલોજી વિભાગ, પીપલ કો ક્લબ તથા સપ્તધારા તિના સંયુક્ત ઉપક્રમે તાઃ ૭-૦૯-૨૦૨૫ ના રોજ રનેશનલ માઈક્રોઓર્ગેનિઝમ IMD – 2025) ઉજવણી ાં આવી.

કોલેજના આચાર્ય ડૉ. ી.પટેલના માર્ગદર્શન તથા માઈક્રોબાયોલોજી વિભાગનાના અધ્યક્ષ ડૉ સી.સી.અંબાસણાના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓને સૂક્ષ્મ જીવાણુઓનું પર્યાવરણમાં અનોખુ સ્થાન છે તેની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી માઈક્રોબાયોલોજીસ્ટની બાયોગ્રાફી રાઈટીંગ, સાયન્સ કાર્ટૂન (Sci-toon) અને માઈક્રો-બાયોલોજીકલ રીલ મેકિંગ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિવિધ સ્પર્ધાઓના આયોજનમાં તથા નિર્ણાયક તરીકે ડૉ. આરેફા બાકઝા, ડૉ. દીપ્તિ જોશી, ડૉ. હીના પ્રજાપતિ, ડૉ. શીતલ પીઠવા, ડૉ. રોહિત પટેલ, ડૉ. ધર્મેશ અધ્યારુ તથા સપ્તધારા



સમિતિના ચેરમેન ડૉ. સમીર પંડ્યા એ કામગીરી કરેલ હતી.

ડૉ. આરેફા બાકઝા એ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું. ૩૦ થી વધુ વિધ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં કુશળતાનું પ્રદર્શન કરતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તમામ સ્ટાફ પરીવારે કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને તેમને શુભેચ્છા પાઠવી હતી.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 20/09/2025
Page No. 03

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સ્વદેશીથી વિકસિત ભારત ઉપર વ્યાખ્યાન યોજાયું

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૯

ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫ મા જન્મદિન નિમિત્તે સરકારી વિજ્ઞાન કોલેજ



ગાંધીનગર ખાતે સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત અમૃત પર્વ - સ્વદેશીથી વિકસિત ભારત ઉપર વ્યાખ્યાનનું આયોજન તારીખ ૧૮/૯/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ તજજ્ઞ તરીકે ઉરેનભાઈ પટેલને બોલાવવામાં આવેલ ઉરેનભાઈ પટેલે વ્યાખ્યાનમાં નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસરનો ઉલ્લેખ કર્યો તેમજ સ્વદેશી વિચાર અને ભારતીય તા ગાંધીજી લઈને મોદી સુધી સ્વદેશીની અખંડ યાત્રા તેમજ સ્વદેશી વસ્તુનું મહત્વ વોકલ ફોર લોકલ, સ્વદેશીમાં સંભાવનાઓ, ડિજિટલ ઈન્ડિયા, ગ્રીન એનર્જી, મેક ઈન ઈન્ડિયા અને સ્વતંત્રતા બાદ સ્વદેશી વિચાર અને ખાદી અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની વાત તેમને વ્યાખ્યાનમાં કરેલી આ વ્યાખ્યાનમાં ૯૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો અને વ્યાખ્યાનો આયોજન કોલેજના વડા ડો. ડી.પી. પટેલ દ્વારા કરવામાં આવેલ અને વ્યાખ્યાન અને કરેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્ઞાન દ્વારા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 18/09/2025
Page No. 02

# વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે ગુજકોસ્ટનો વિશેષ આઉટરીચ કાર્યક્રમ યોજાયો

**કાર્યક્રમમાં ગવર્મેન્ટ સાયન્સ કોલેજ, ગાંધીનગરના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ હાજરી આપી : કાર્યક્રમનું જીવંત પ્રસારણ રાજ્યભરમાં ગુજકોસ્ટના રિજિયોનલ સાયન્સ સેન્ટર (RSC), જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો અને દેશભરની S&T કાઉન્સિલ ખાતે કરવામાં આવ્યું**

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા.૧૭

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગુજરાત સરકારના નેતૃત્વ હેઠળ કાર્યરત સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ), વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીને નિમિત્તે ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગવર્મેન્ટ સાયંસ કોલેજ, સેક્ટર- ૧૫ ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું. આ કાર્યક્રમનો હેતુ ઓઝોન સ્તરનું ક્ષય, તેના કારણો, અસર અને તેના નિવારણ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો, જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ હાજરી આપી અને ૧૦૦૦થી વધુ લોકો ઑનલાઈન માધ્યમથી જોડાયેલા હતા. કાર્યક્રમની શરૂઆત ગવર્મેન્ટ સાયંસ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડી. પી. પટેલના પ્રારંભિક સંબોધનથી થઈ, જેમાં તેમણે ઓઝોન દિવસ અને ઓઝોન સ્તર સંરક્ષણનું મહત્વ સમજાવ્યું. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોએ "વિશ્વ ઓઝોન દિવસ – વિજ્ઞાનને વૈશ્વિક ક્રિયામાં રૂપાંતર" વિષય પર પુસ્તકનુ પણ વિમોચન કર્યુ હતું.

પ્રાસંગિક ઉદબોધનંમા એમ.એન. શુક્લા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંજય ઠક્કરે ઓઝોન ક્ષય અને સંરક્ષણ વિષયક વૈજ્ઞાનિક સમજ આપી. મુખ્ય પ્રવચન ડૉ. એસ. રામચંદ્રન, સિનિયર વૈજ્ઞાનિક, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL), અમદાવાદ દ્વારા આપવામાં આવ્યું, જેમાં તેમણે ઓઝોન હોલ, રેડિયેટિવ ફોર્સિંગ, ઓઝોન રિકવરી તથા મોન્ટ્રિયલ એગ્રીમેન્ટની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. ડૉ. નરોત્તમ સાહૂ, સલાહકાર અને સભ્ય સચિવ, ગુજકોસ્ટએ "વિજ્ઞાનને વૈશ્વિક ક્રિયામાં રૂપાંતર" વિષય પર સંબોધન આપ્યું અને ભારતની મોન્ટ્રિયલ પ્રોટોકોલ પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા ગુજરાતના પર્યાવરણ શિક્ષણ ક્ષેત્રેના આગેવાન પ્રયાસો પર ભાર મૂક્યો. કાર્યક્રમની ખાસ આકર્ષણમાં "હોલ સ્ટોરી" નામનું સર્જનાત્મક નાટક, એમ.એન. શુક્લા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયું, જેમાં ઓઝોન ક્ષયના કારણો અને તેના પ્રભાવોને કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા. સાથે જ ઓઝોન જાગૃતિ ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું, જે વિદ્યાર્થીઓ માટે માહિતીસભર અને રોચક રહ્યું. આ કાર્યક્રમ ગુજકોસ્ટના રાજ્યવ્યાપી પ્રાદેશિક તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રોમાં જીવંત પ્રસારણ મારફતે રજૂ થયો અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદો (S&T councils) પણ ઑનલાઈન જોડાયા હતા.



કાર્યક્રમનું સમાપન ઓઝોન પ્રતિજ્ઞા સાથે થયું, જેમાં તમામ વિદ્યાર્થીઓએ પર્યાવરણમૈત્રી પ્રથાઓ અપનાવવાની, ઓઝોનને નુકસાન કરતા ક્લોરો ફ્લોરો કાર્બનનો ઘટાડો કરવાની અને સમાજમાં જાગૃતિ ફેલાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 16/09/2025
Page No. 03



# આજે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી નિમિત્તે ગુજકોસ્ટનો વિશેષ જાગૃતિ કાર્યક્રમ

## આશરે ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે : રાજ્યભરમાં ગુજકોસ્ટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો (RSCs) અને જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો (CSCs) પણ વિશ્વ ઓઝોન દિવસના કાર્યક્રમોનું આયોજન કરશે

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા.૧૫

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગુજરાત સરકારના નેજા હેઠળ કાર્યરત સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીને નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરી રહી છે. આ કાર્યક્રમ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગાંધીનગરની ગવર્મેન્ટ સાયંસ કોલેજ, સેક્ટર- ૧૫ ખાતે યોજાશે.

આ વિશેષ જાગૃતિ કાર્યક્રમ ગાંધીનગરમાં ગવર્મેન્ટ સાયંસ કોલેજના ઑડિટોરિયમમાં સવારે ૯:૩૦ વાગ્યાથી શરૂ થશે, જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. કાર્યક્રમમાં જાગૃતિ કાર્યક્રમ, પરસ્પર ચર્ચા સત્રો, તથા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. જેમાં તેઓ ઓઝોન સ્તરનું મહત્વ, આબોહવાની સ્થિરતા સાથે તેનો સંબંધ, તથા પર્યાવરણને ટકાવી રાખવા માટેની જરૂરી પ્રથાઓ વિશે સમજ મેળવી શકશે.

કાર્યક્રમમાં નિષ્ણાતોના પ્રવચનો, જાગૃતિ અભિયાન, તથા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા સત્રો યોજાશે. મુખ્ય આકર્ષણોમાં સમાવિષ્ટ છે, કર્યક્રમ દરમિયાન ડૉ. ડી. પી. પટેલ, પ્રિન્સિપાલ, ગવર્મેન્ટ સાયંસ કોલેજ, ગાંધીનગર દ્વારા પ્રારંભિક સંબોધન કરશે. ડૉ. સંજય ઠક્કર, પ્રિન્સિપાલ, એમ.એન. શુક્લા કોલેજ, અમદાવાદ દ્વારા ઓઝોન દિવસ પર સંબોધન કરવામાં આવશે. ડૉ. એસ. રામચંદ્રન, સિનિયર વૈજ્ઞાનિક, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ દ્વારા મુખ્ય પ્રવચન યોજાશે. ડૉ. નરોત્તમ સાહૂ, સલાહકાર અને સભ્ય સચિવ, ગુજકોસ્ટ દ્વારા "વિજ્ઞાનને વૈશ્વિક ક્રિયામાં રૂપાંતર" વિષય પર સંબોધન કરવામાં આવશે.

આ ઉપરાંત એમ.એન. શુક્લા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા "હોલ સ્ટોરી" નામનું નાટક રજૂ થશે, જે સર્જનાત્મક રીતે ઓઝોન સ્તરનાં છિદ્રના કારણો અને તેની અસર દર્શાવશે. સાથે જ ઓઝોન જાગૃતિ ક્વિઝનું પણ આયોજન છે.

આ ઉજવણી રાજ્યના તમામ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો અને ભારતભરના વિવિધ વિજ્ઞાન-ટેકનોલોજી પરિષદો (S&T Councils) સુધી જીવંત પ્રસારણ થકી પહોંચાડવામાં આવશે. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને સમાજમાં વૈજ્ઞાનિક ચેતના વધારવો અને પર્યાવરણ માટે જવાબદાર વલણ વિકસાવવાનો છે.

તમામ ભાગ લેનારા વિદ્યાર્થીઓ "ઓઝોન પ્રતિજ્ઞા" પણ લેશે, જેમાં તેઓ પર્યાવરણમૈત્રી પ્રથા અપનાવવાની, ઓઝોનને નુકસાન કરતી પદાર્થોમાં ઘટાડો કરવાની, અને સમાજમાં જાગૃતિ ફેલાવવાની પ્રતિબદ્ધતા જાહેર કરશે.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 14/09/2025
Page No. 03

# ફિનિશિંગ સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે રોજગારી સજ્જતા તાલીમ યોજાઈ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કે.સી.જી. ( K n o w l e d g e Consortium of Gujara) દ્વારા ફિનિશિંગ સ્કૂલ કાર્યક્રમ કાર્યરત છે. આ સંસ્થાના આચાર્ય ડો. ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજસ્તરે ફિનિશિંગ સ્કૂલ સમિતિના સભ્યો દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને રોજગારી સજ્જતા માટે સઘન તાલીમ અપાઈ હતી.

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના કુલ ૫૫ વિદ્યાર્થીઓએ આ ફિનિશિંગ સ્કૂલ તાલીમનો લાભ લીધો હતો. આ ૮૦ કલાકની તાલીમ ચાર તબક્કામાં ઓગસ્ટ - સપ્ટેમ્બર (૨૦૨૫) મહિનામાં યોજાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રોજગારી કૌશલ્ય, જીવન કૌશલ્ય, સંચાર કૌશલ્ય, અંગ્રેજી ભાષા તથા ઈન્ટરવ્યૂ કૌશલ્યોનો વિકાસ કરાવવાનો હતો.

આ તમામ કૌશલ્યો તેમની કારકિર્દી ઘડતર માટે અત્યંત ઉપયોગી હોવાથી તાલીમ ખાસ કરીને અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ તાલીમ કોર્પોરેટ ક્ષેત્રનો વિશાળ અનુભવ ધરાવતા પ્રોફેશનલ ટ્રેનર્સ, એચ. કે. સ્કૂલ ઑફ ફોરેન લેંગ્વેજના કે.સી. શાહ તથા રિકીન શાહ દ્વારા સફળતાપૂર્વક અપાઈ હતી.

ગાંધીનગર સમાચાર (સંદેશ આવૃત)
તા 14/09/2025 Page No. 03

# સરકારી વિજ્ઞાન કોલેજમાં તાલીમ કાર્યક્રમ



ફિનિશિંગ સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે રોજગારી સજ્જતા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને રોજગાર લક્ષી તાલીમ નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

ગાંધીનગર સમાચાર
તા. 02/09/2025
Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત અને લાયબ્રેરીના સંયુકત ઉપક્રમે વિવિધ સ્પર્ધા યોજાઇ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત અને લાયબ્રેરીના સંયુકત ઉપક્રમે વકૃત્વ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટિશન અને ડિબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્ઞાનધારાના કો-ઓર્ડીનેટર ડો. જયશ્રીબેન પંડ્યા દ્વારા સપ્તધારાના કોઓર્ડીનેટર ડોક્ટર સમીર પંડ્યા તેમજ આચાર્ય ડો. ડી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



ક્વિઝ કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓ પાસે અત્યારે ચાલતી કરંટ અફેર્સ તેમજ અને બીજા ઘણા બધા વિષયોને આવરી લઈને વિદ્યાર્થીઓ માટે ગુગલ ફોર્મમાં ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ હતું ત્યારબાદ એમાંથી સિલેક્ટ થયેલા બીજા આઠ વિદ્યાર્થીઓ માટે પ્રિલીમ રાઉન્ડ યોજવામાં આવ્યું હતું. એ રાઉન્ડમાં છોકરાઓ માટે ઓડિયો વિઝ્યુઅલ પ્રશ્નો ઈતિહાસને લગતા પ્રશ્નો બીજા કરંટ અફેર્સના પ્રશ્નો પૂછીને એમાંથી ત્રણ વિનર જાહેર કરવામાં આવ્યા હતા. તેમજ ડિબેટ કોમ્પિટિશન માટે છોકરાઓને સોશિયલ મીડિયા તેમજ AI ના વિષય ઉપર ડિબેટ યોજવામાં આવી હતી અને વકૃત્વ સ્પર્ધા માટે પણ AI અને સોશિયલ મીડિયા વિષયોને આવરી લેવામાં આવેલું હતું. ત્રણેય કોમ્પિટિશનમાં ત્રણ ત્રણ વિનર જાહેર કરવામાં આવ્યા હતા. તેમાં ડો. આરેફા બાકજા, ડો. જિજ્ઞાસા વાઘેલા, ડો. શીતલ પીઠવા અને ડો. વૈશાલી પાઠકે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી આમ ત્રણેય સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Librarian
Government Science College
Sector-15, Gandhinagar.

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 13/08/2025
Page No. 03

# સરકારી વિજ્ઞાન કોલેજ લાઈબ્રેરી દ્વારા નેશનલ લાઈબ્રેન્સ ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨ સરકારી વિજ્ઞાન કોલેજ લાઈબ્રેરી દ્વારા નેશનલ લાઈબ્રેન્સ ડે ની ઉજવણી કરવામાં આવી. લાઈબ્રેરીયન ડો. જયશ્રીબેન પંડ્યા દ્વારા નેશનલ લાઈબ્રેરીયનસ ડે ની ઉજવણીના ભાગરૂપે સંસ્થાના વિદ્યાર્થીઓ માટે એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું કે જેમાં લાઈબ્રેરીયન્સ ડે શા માટે મનાવવામાં આવે છે ડો શિયાલી રામામૃત રંગનાથન કે જેના જન્મદિનના ભાગરૂપે આખા ભારતમાં લાઈબ્રેરીયન્સ ડે ઉજવણી કરવામાં આવે છે એમનું લાઈબ્રેરી વિશે શું ફાળો હતો તેના વિશે વિસ્તૃતમા જાણ વિદ્યાર્થીઓને કરવામાં આવી તદુપરાંત કોલેજના આચાર્ય ડો. ડી.પી. પટેલ દ્વારા સ્ટુડન્ટને લાઈબ્રેરી વિશે માહિતગાર કર્યા અને લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો તેના વિશે વિદ્યાર્થીઓને જાણ કરી તેમ જ ડૉ. એસ.કે. પટેલ કે જેઓએ લાઈબ્રેરીના પિતા તરીકે ઓળખાતા ડો. રંગનાથને આપેલા પાંચમા લો લાઈબ્રેરી ઈઝ ગ્રોઈંગ ઓર્ગેનિઝમ એના વિશે વિદ્યાર્થીઓને જાણ કરી અને લાઈબ્રેરીનો ઉપયોગ કરવા માટે એમને પ્રેરણા આપી હતી.

On the occassion of National Librarian day on 12th Aug 2025. Library organize Quiz competition Book exhibition and lecture on why National librarian's day celebrated every year.

[signature]
Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

[signature]
Principal
Government Science College
Sector-15, Gandhinagar

Gandhinagar Samachar
Date: 11/07/2025
Page NO- 03

# સરકારી વિજ્ઞાન કોલેજમાં ગુરુપૂર્ણિમા નિમિતે ગુરુ વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે ગુરુપૂર્ણિમા નિમિતે સપ્તધારા હેઠળની જ્ઞાનધારા અંતર્ગત ગુરુ વંદના કાર્યક્રમ



યોજાવામા આવ્યો. એમા વિશેષ વક્તવ્ય અને આપણા વેદ શાસ્ત્રોમા "ગુરુ નો મહિમા" વિષય પર વક્તવ્ય માટે શાસ્ત્રી અર્પિત પંડયાને આમંત્રિત કરવામા આવ્યા હતા જેમણે ગુરુ શબ્દનો શાસ્ત્રીય અર્થ, શાસ્ત્રોમા ગુરુનુ મહત્વ, ગુરુકુલ પરંપરા, ગુરુની દુર્લભતા તેમજ ચાર વેદોની સામાન્ય માહિતિ જેવા વિષયો સાથે વિધ્યાર્થીઓ ને માહિતગાર કર્યા. આ સાથે અન્ય કોલેજમાંથી બદલી થઇને આવેલ અધ્યાપકોના સ્વાગત કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

વિદ્યાર્થીઓએ પણ ગુરુપૂર્ણિમાના મહત્વ વિશે પોતના વિચારો રજું કર્યા હતા. આ કાર્યક્રમમાં ૭૦થી વધુ વિધ્યાર્થીઓ અને અધ્યાપકો એ ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનુ આયોજન સંસ્થાના આચાર્ય ડો. ડી. પી. પટેલના માર્ગદર્શન



હેઠળ સપ્તધારા સમિતી ના કો-ચેરમેન ડો. સમીર પંડયા અને જ્ઞાનધારા સમિતીના કો ઓર્ડીનેટર ડો. જયશ્રી પંડયા અને સભ્ય ડો. શીતલ પીઠવા દ્વારા કરવામા આવ્યુ હતુ. અને કાર્યક્રમનુ સંચાલન વિધ્યાર્થીઓ જીનલ, પલ, રાજવી, ખુશી, દ્રષ્ટી, મીત્વા, રાગીણી અને દેવાંશી દ્વારા કરવામા આવ્યુ હતુ.


નામ બદલેલ છે

Guru Purnima program celebrated at college under Sutradhara, Gyandhara,

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 19/07/2025
Page No. 03



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની લાયબ્રેરી દ્વારા નવા આવેલા પુસ્તકોથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માહિતગાંર થાય તે હેતુથી પુસ્તકોનુ પ્રદર્શન તા. ૧૫.૦૭.૨૦૨૫ ના રોજ રાખવામા આવ્યું હતું: જેમા સંસ્થાના સર્વ્ે સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ બહોળા પ્રમાણમા ભાગ લીધો હતો.

Book exhibition of newly Arrived books in library to Aware students & staff.

Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College
Sector-15, Gandhinagar

ગાંધીનગર સમાચાર
તા. 05/08/2025
Page No. 02

# સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્વ-જાગૃતિ વિષયે પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજાયું

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૦૪ ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો. ડી. પી. પટેલના માર્ગદર્શન હેઠળ CWDC, સરકારી વિજ્ઞાન કોલેજ અને લાયન્સ ક્લબના સંયુકત ઉપક્રમે "EXPLORE YOUR DYNAMISM WITH TIPS AND TECHNIQUES" વિષય પર પ્રેરણાત્મક વ્યાખ્યાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ તથા આત્મમૂલ્યાંકન જેવી બાબતોમાં સુધારાને પ્રોત્સાહન આપવાનો હતો. વિશેષ આમંત્રણરૂપે ઉપસ્થિત રહેલા પ્રેરણાદાયક પ્રવકતા સ્મિતાબેન પટેલ, સિનિયર ફેકલ્ટી, આર્ટ ઓફ ઈન્ટરનેશનલ લિવિંગ, એ વિવિધ મહત્વપૂર્ણ ટિપ્સ અને ટેકનિકસ રજૂ કરી હતી, જેવી કે, સ્વ-જાગૃતિ અને લક્ષ્ય નિર્ધારણ, સમય વ્યવસ્થાપન, આત્મવિશ્વાસ વધારવાની રીતો, નકારાત્મકતાને દૂર કરવાની રીતો, એકાગ્રતા વધારવાની રીતો. આજના યુગમાં યુવાઓએ પોતાનો ઉર્જાસ્ત્રોત ઓળખી તેને યોગ્ય દિશામાં વાપરવો ખૂબ જ આવશ્યક છે, એ દ્રષ્ટિએ આ વ્યાખ્યાન તમામ હજાર ૧૨૯ વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સાબિત થયું હતું. કાર્યક્રમનું આયોજન CWDC, કોઓર્ડિનેટર- ડો. હીના પ્રજાપતિ તેમજ સમગ્ર સમિતિ દ્વારા થયેલ હતું. તેમજ કાર્યક્રમની આભારવિધિ પ્રાણીશસ્ત્ર વિભાગના પ્રોફેસર ડો. દિપ્તી જોશીએ કરેલ હતી.



Librarian
Government Science College,
Sec-15, Gandhinagar

Principal
Government Science College
Sector-15, Gandhinagar